# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૫ ] ઑક્ટોબર ૧૯૮૬ [ અંક ૪

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ–૧૬

**[ રજી. નં. ૩૩૬૧ ]**

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.


કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૩૭૯૦૯૭


Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૫] • ઑક્ટોબર : ૧૯૮૬ • [અંક ૪ થો

આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

## અનુક્રમણિકા

૧. આત્મશ્રદ્ધાની જ્યોત જલતી રાખીએ ... ... ૩
૨. માતાજીનું દિવ્ય આગમન ... ... ... ૬
૩. અલૌકિકનો લૌકિક આવિષ્કાર ... ... ... ૮
૪. પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ... ૧૨
૫. જ્ઞાનગોષ્ઠિ ... ... ... ... ... ૧૬
૬. સાતમી સપ્ટે૦નો સન્દેશ ... ... ... ૨૧
૭. આત્મગુંજન–૧૦ ... ડૉ. કાન્તિલાલ કાલાણી ૨૪
૮. સ્વપ્નમાં દર્શન ... ... ... ... ૨૬
૯. પગની પીડા મટી ગઈ!... ... ... ... ૨૭
૧૦. જન્મદિવસની ઝલક ... ... ... ... ૨૯
૧૧. ઉપાસનાના આધારથી જીવનની નિરાધારતા ટળી ... ૩૧
૧૨. સમાચાર ... ... ... ... ... ૩૦

સન ૧૯૮૭ ના વર્ષનું 'આધ્યાત્મિક કેડી'ના આપનું લવાજમ રીન્યુ કરાવી લેવા વિનંતી. પાંચ વર્ષનું એક સામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.



આધ્યાત્મિક કેડી
ઑકટોબર : ૧૯૮૬

## પૂ. ગુરુદેવનો આદેશ : આધ્યાત્મિક સરવૈયું કાઢીએ

# આત્મશ્રદ્ધાની જ્યોત જલતી રાખીએ

અમદાવાદમાં 'નીલોષા' (ગુલબાઈનો ટેકરો) પર પૂ. ગુરુદેવનો કાર્યયજ્ઞ ચાલી રહ્યો છે. તેને સાત વર્ષ પૂરાં થયાં છે અને આઠમા વર્ષમાં પ્રવેશ થયો છે. 'નીલોષા' પર કાર્યયજ્ઞની શરૂઆત ૧૯૭૯ની ચોથી સપ્ટેમ્બરે થઈ હતી. આ દિવસને 'નીલોષા'ના આધ્યાત્મિક જન્મદિન કે 'માતાજીના પ્રાગટ્ય દિન' તરીકે 'નીલોષા' સ્થિત દમ્પતી એડવોકેટ મુ. શ્રી નલિનકાન્તભાઈ શાહ અને શ્રીમતી ઉષાબહેન પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં ગુરુ ભાઈ-બહેનોની સાથે પ્રતિવર્ષ ઊજવે છે. આ દિવસે વાતાવરણની દિવ્યતા, અલૌકિકતા અને આનન્દ કંઈક ઑર જ હોય છે.

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ચોથી સપ્ટેમ્બરે પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં ઉજવણીનો એક સમારંભ 'નીલોષા'ના પટાંગણમાં ગુરુ ભાઈ-બહેનો સાથે ઊજવાયો હતો.

પૂ. ગુરુદેવ સપરિવાર 'નીલોષા' પર સાંજે છ વાગ્યે પધાર્યા ત્યારે નલિનકાન્તભાઈ અને ઉષાબહેન સહિત સૌ ભાઈ-બહેનોએ ગુલાબની પાંખડીઓથી ગુરુદેવને વધાવ્યા હતા. 'નીલોષા'નું પટાંગણ ખીચોખીચ ભરાઈ ગયું હતું. સૌના ચહેરા પર અલૌકિક આનન્દ વર્તાતો હતો.

પૂ. ગુરુદેવ પ્રાંગણમાં આવી સોફામાં બિરાજમાન થયા પછી ઉષાબહેન અને નલિનકાન્તભાઈએ કુમકુમ-અક્ષત - આરતીથી ગુરુદેવનું પૂજન કર્યું હતું.

પ્રસંગને અનુરૂપ કેટલાક ભાઈબહેનોએ પોતાનાં ગીત-વક્તવ્યો-શાયરી-ગઝલોમાં પૂ. ગુરુદેવ માટે પ્રેમ અને આદર વ્યક્ત કર્યાં હતાં. આ સમગ્ર વક્તવ્યનો સૂર આ પ્રમાણે હતો: ગોવિન્દનાં દર્શન જેમ ગુરુ કરાવી શકે તેમ ગુરુદેવનાં દર્શન કરવામાં, તેમની સંનિકટ જવામાં, સમગ્ર જનસમાજને પૂ. ગુરુદેવની આધ્યાત્મિક અને આત્મિક શક્તિ-સિદ્ધિનો લાભ મળી શકે, માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે તેવી સરળતા પ્રાપ્ત કરાવવામાં, એમાં નિમિત્ત બનવાનું સૌભાગ્ય 'નીલોષા' દંપતીને ફાળે જાય છે. ઈશ્વર સ્વયં જેના પર પ્રસન્ન થાય છે, જેનો હાથ ઝાલે છે તે ધન્ય બની જાય છે. તે જ 'કંઈક' પ્રાપ્ત કરી શકે છે. પૂ. ગુરુદેવના આદેશનું નિષ્ઠાપૂર્વક પાલન કરીએ એમાં જ આપણા સર્વનું શ્રેય છે. તેમના આદેશનું પાલન કરી શકીએ તેવી તેમને પ્રાર્થના કરવામાં આવી હતી.



Scanned by CamScanner

માતાજીનાં દર્શનની–ઉપસ્થિતિની અનુભૂતિ સૌને થાય તેવી પૂ. ગુરુદેવને નમ્ર વિનંતી કરવામાં આવી હતી.

પ્રવચન કે વ્યાખ્યાન પૂ. ગુરુદેવનો વિષય નથી. બલ્કે તેઓ મિતભાષી છે. બહુ જ ઓછું બોલે છે તે આપણે સૌ જાણીએ છીએ. ક્વચિત્ કંઈ પણ બોલવાનો પ્રસંગ આવે ત્યારે અલ્પ સમયમાં, અલ્પ શબ્દોમાં ઘણી બધી માર્ગદર્શક, પ્રેરક વાતો કહી નાખે છે. કેવળ આચરણ એ જ તેમનો આદેશ હોય છે.

પૂ. ગુરુદેવે આશીર્વચનમાં આ જ આચરણ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, 'નીલોષા'ની આ ભૂમિ પર આપણે છેલ્લાં સાત વર્ષોથી આવીએ છીએ. આજે સાત વર્ષો પૂરાં થઈ આઠમા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ. વર્ષ દરમ્યાન આપણે કેટલી પ્રગતિ કરી તે જોવાનું છે. આ પ્રગતિ સાંસારિક નહિ, ભૌતિક નહિ પણ આધ્યાત્મિક પ્રગતિ. માતાજીની ભક્તિમાં એક વર્ષમાં આપણે કેટલાં આગળ વધ્યાં છીએ કે વધી રહ્યાં છીએ તે જોવાનું છે. આપણે એ રીતે જેમ જેમ આગળ વધતાં જઈશું તેમ તેમ આપણે માતાજીની સમીપ પહોંચી શકીશું અને એક દિવસ ચોક્કસ માતાજીનાં દર્શન થશે.'

માતાજીની સૂક્ષ્મ ઉપસ્થિતિનો સૌએ અનુભવ કર્યો હતો.

સૌને માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

'નીલોષા'ના પ્રાંગણમાં પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં સૌ ભાઈ–બહેનોએ ગરબા ગાયા હતા.

કાર્યક્રમને અન્તે ગુરુદેવની ચરણવંદના કરી, આરતી સ્તુતિ કરી સૌ છૂટાં પડયાં હતાં.

'નીલોષા'ના કાર્યક્રમ પછી અને પ્રતિવર્ષ તા. ૭ મી સપ્ટેમ્બરના પૂ. ગુરુદેવના જન્મદિવસનાં શુભાશિષ આપવા માટે માતાજી સાક્ષાત્ આવે છે તેથી ગુરુદેવ પાસે સૌની માગણી માતાજીનાં દર્શન કરવાની–કરાવવાની હોય છે.

પૂ. ગુરુદેવ કહે, 'શ્રદ્ધા, શરણાગતિ અને મા–બાળકનો સમ્બન્ધ રાખશો તો અવશ્ય માતાજીનાં દર્શન થશે.'

સૌ પોતપોતાની રીતે માતાજીનાં દર્શન કરવા ઉત્સુક બની અવનવા કીમિયાઓની રજૂઆત કરી માતાજી પ્રત્યે પોતાનો પ્રેમભાવ–શિશુભાવ, આરત વ્યક્ત કરી રહ્યાં હતાં.

માતાજીનાં દર્શન કરવા બાબત પૂ. ગુરુદેવ સાથે ચર્ચા–વિચારણા કરતાં ગુરુદેવે જે વાતો કરી તે અત્રે રજૂ કરી છે.

ગુરુદેવ કહે, શ્રદ્ધા, શરણાગતિ અને મા–બાળકનો સમ્બન્ધ કેળવવા અને દરરોજ નિયમિતપણે ત્રણ માળા કરવાનો ક્રમ નક્કી કરવાનો છે. એની જ સાથે મનમાં દૃઢ નિશ્ચય અને આત્મશ્રદ્ધા કેળવવાની જરૂર છે. દૃઢ નિશ્ચય અને આત્મશ્રદ્ધાથી માતાજીના જપ–ભક્તિ કરીશું તો દર્શનનાં પાત્ર બાળકો અવશ્ય બની શકાશે એમ મને લાગે છે.

આ આત્મશ્રદ્ધા કેળવવા શું કરવું ?

આત્મશ્રદ્ધાની જ્યોત જલતી રાખવા માટે આપણે સંકલ્પ કરી સતત પુરુષાર્થ કરીએ.

(૧) માતાજીનાં દર્શન થવામાં હું સફળ થવાનો જ છું એવો દૃઢ સંકલ્પ મનમાં કરીએ અને એ સફળતાનું સ્પષ્ટ ચિત્ર માનસપટ પર અંકિત કરીએ.

(૨) હંમેશાં આશાવાદી બનીએ. નિરાશાવાદી કે નકારાત્મક વલણ અપનાવવું નહિ. નિરાશાને જીવનમાં સ્થાન જ ન આપીએ. અશાંતિના સમયે મંત્રજપ ચાલુ રાખી સારા–શુભ વિચારોમાં મનને પરોવવું.



Scanned by CamScanner

(૩) મુશ્કેલીઓને નોતરવી નહિ. કલ્પનાના ઘોડા દોડાવી મુશ્કેલીઓ આવી રહી છે કે આવશે એવાં ચિત્રો ઊભાં કરવાં નહિ.

(૪) પોતાની જાતને અન્યથી નિમ્ન કક્ષાની ગણવાનો પ્રયત્ન કરી લઘુતાગ્રંથિ કેળવવી નહિ.

દરેક વ્યક્તિના વિશિષ્ટ ગુણોથી અંજાઈ જઈ 'સ્વ' ને તિરસ્કારવાની જરૂર નથી. આપણામાં રહેલ ગુણ, આવડતને કેળવી વિકસાવવા સતત પ્રયત્નશીલ રહેવું. બીજી વ્યક્તિને ઉપાસના દરમિયાન અમુક અમુક અનુભવો થયા અને મને તો કંઈ જ અનુભવ નથી થતો તેવી કલ્પના કરી આપણા આત્મવિશ્વાસને ડગવા દેવો નહિ. આપણી નિયમિત ઉપાસના ચાલુ રાખી શિસ્તબદ્ધ રીતે આગળ વધવા પ્રયત્ન કરીએ.

બહારથી મહાન ઉપાસક-ભક્ત હોવાનો ડોળ-દાવો કરનાર વ્યક્તિની ભીતરમાં કંઈક જુદી જ પરેશાની અને ગડમથલ ચાલતી હોય છે.

(૫) આપણી દૈનિક પ્રાર્થનામાં માતાજીને વિનંતી કરીએ કે,

હે મા, મને બાળક જેવો નિર્દોષ બનાવજે.
તું સતત મારી સાથે જ રહેજે.
તારું જ્ઞાન મારી બુદ્ધિમાં સ્થિર કરજે.
મારા સમસ્ત અસ્તિત્વનું સંચાલન તું કરજે.

ઉપરોક્ત દિવ્ય, અલૌકિક પ્રાર્થનાનું ઉચ્ચારણ આપણી આત્મશ્રદ્ધાને મજબૂત કરી આપણામાં દિવ્ય શક્તિનો સ્રોત વહેવડાવે છે.

(૬) આપણાં વાણી, વર્તન અને વ્યવહારની ચકાસણી કરી સૂતાં પહેલાં તેનું તટસ્થપણે મૂલ્યાંકન કરી માતાજીને-ઈષ્ટદેવને-ગુરુદેવને તેની જાણ કરી હળવાં થઈ જવું.

(૭) સતત ખ્યાલ રાખો કે મારું સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વ પરમાત્માને, માતાજીને જ આભારી છે. માતાજીની પ્રેરણાશક્તિથી જ હું સર્વ કાંઈ કરી શકું છું.

(૮) આપણી શક્તિઓનો સાચો ખ્યાલ મેળવી તેના પર વિશ્વાસ રાખવો જરૂરી છે.

(૯) આપણું જીવન માતાજીના-પરમાત્માના હાથમાં સોંપી દઈ ફક્ત એટલી જ પ્રતીતિ કરવાની કે મારી જીવનનાવનું સુકાન પરમાત્માના હાથમાં છે.

આપણે શ્રદ્ધાપૂર્વક એવી પ્રતીતિ કરીએ કે મારી સુષુપ્ત શક્તિઓ આંદોલિત થઈ રહી છે, વિકસી રહી છે, વહી રહી છે, જીવનની સર્વ જરૂરિયાતો પૂરી કરવાની હું શક્તિ ધરાવું છું.

(૧૦) આપણી જાતને વારંવાર યાદ અપાવીએ કે માતાજી-પરમાત્મા આપણી સાથે જ છે અને તેમની પાસેથી હર પળે આપણને પ્રેરણા અને શક્તિ પ્રાપ્ત થતી રહે છે.

આપણા જીવનમાં ભલે તેવી વિસંવાદિતાઓ, રમખાણો, ચિંતાઓ, હતાશાઓ આવે, અન્ધકાર વ્યાપી જાય ત્યારે તેનો એક માત્ર ઉકેલ છે આત્મશ્રદ્ધાની જ્યોતિ જલતી રાખવાની.

આત્મશ્રદ્ધાના બળથી જીવનમાં ચૈતન્યનો આવિર્ભાવ થઈ ઉત્સાહનો પ્રવાહ વહેવા લાગે છે અને જીવનમાં કશું જ અશક્ય નથી તેવી પ્રતીતિ થાય છે.

□



Scanned by CamScanner

# માતાજીનું દિવ્ય આગમન, આશીર્વાદ અને ગૂઢ માર્ગદર્શન

તા. ૫-૯-'૮૬ શુક્રવારે મધ્યરાત્રી પછી બે વાગ્યે મા ગાયત્રી તેના વહાલસોયા બાળ નરેન્દ્રને આશીર્વાદ અને જન્મદિનની શુભેચ્છાઓ આપવા માટે પ્રત્યક્ષ પધારી એ લાલની સાથે દસ મિનિટ સુધી વાતો કરી તેમણે પ્રેરેલા-ચીંધેલા લોકસેવાના કાર્યમાં વિશિષ્ટ શક્તિનો સંચાર કરવા માટે ગૂઢ માર્ગદર્શન આપ્યું. એ વહાલસોયા લાલના (ગુરુદેવના) શબ્દોમાં જ આપણે તેમની અનુભૂતિનો આસ્વાદ માણીએ.

'અમે સૌ માતાજીની તૈયારીમાં વ્યસ્ત હતાં. ઘરનાં બધાં જ સભ્યો સાફસૂફી, સજાવટ, ગોઠવણી અને પ્રસાદ વગેરેની કામગીરી પતાવી લગભગ સાડા અગિયાર વાગ્યે સૂઈ ગયાં. માતાજી માટે સંદેશો પણ મૂક્યો હતો.

રાતે હું ભરનિદ્રામાં હતો ત્યારે મારા ડાબા હાથના બાવડાને મૃદુ હસ્તથી દબાવી મને કોઈ ઉઠાડવાનો પ્રયત્ન કરતું હોય એમ લાગ્યું. બે-ત્રણ વખત એ પ્રમાણે થયું એટલે હું જાગી ગયો. પરંતુ ત્યાં કોઈ નહોતું. થોડીવાર પલંગમાં બેઠો. મારો હાથ પકડી મને કોઈ દોરતું હોય તેમ લાગ્યું. મને થયું કે માતાજી જ દોરી રહ્યાં છે. ચોકમાંથી બાની રૂમમાં થઈ પેસેજમાં થઈ માતાજીની રૂમ સુધી મારો હાથ પકડી માતાજી મને લઈ આવ્યાં પરન્તુ માતાજીનું સ્વરૂપ અદશ્ય હતું.

માતાજીની રૂમમાં લાઈટ, પંખો વગેરે ચાલુ જ હતાં. વાતાવરણની દિવ્યતા માતાજીની ઉપસ્થિતિનો સંકેત આપતી હતી. પીળા ચંપાનાં તાજાં ફૂલથી સમગ્ર વાતાવરણ મહેકી રહ્યું હતું. થોડીવાર હું માતાજીના સાક્ષાત્ પ્રાગટ્યની રાહ જોતો ઊભો રહ્યો, ત્યાં તો પ્રકાશનો એક ઝબકારો થયો અને મન્દિર આગળ જ ૨૫-૩૦ વર્ષની યુવતીના રૂપે મરક મરક હાસ્ય વેરતાં, અતિ પ્રસન્ન મુખારવિન્દ સાથે માતાજીને મેં નિહાળ્યાં. હું તો હાથ જોડીને ઊભો જ હતો. મારા સમસ્ત અસ્તિત્વમાં દિવ્ય પ્રકાશનો પ્રવાહ વહી રહ્યો હોય તેમ અનુભવાતું હતું. માતાજીએ મોરપિચ્છ કલરની ભરેલી સાડી અને હીરાના દાગીના પહેર્યા હતા. અંબોડો વાળ્યો હતો.

માતાજી ખડખડાટ હસતાં આસન પર બેઠાં. હું તેમની બાજુમાં જ નીચે જમીન પર બેસી ગયો. માતાજી પાટલા પર મારી સાથે વાતો થાય તે રીતે થોડાં ત્રાંસાં બેઠાં હતાં એટલે મારા ડાબા ખભે તેમના જમણા ખભાનો મૃદુ સ્પર્શ થયા કરતો હતો. શરીરમાં અતિ દિવ્ય શક્તિનો સંચાર થતો હું અનુભવી રહ્યો હતો.

માતાજીએ મારા વાંસે અને માથા પર કોમળ મૃદુ હસ્ત પસવારી મારી સાથે કાર્યક્રમ વિશે ઘણી વાતો કરી, માર્ગદર્શન આપ્યું અને આશીર્વાદ આપ્યા.

માતાજીએ બાજઠ પર મૂકેલી પ્રસાદની (બદામનો ખાંડ મિશ્રિત ભૂકો) થાળી લઈ ચમચીથી થોડો પ્રસાદ આરોગ્યો. ડબામાં સૂકો મેવો અને કુમકુમાં પાણી રાખ્યું હતું તે, તે વખતે લીધું ન હતું. ત્યાં બેઠાં બેઠાં જ હાથરૂમાલને મન્દિરમાં મૂકી તેના પર મૂકી ઝારી બદામ મૂકી. આ બધું હું નિહાળી રહ્યો હતો. અતિ પ્રસન્ન મુદ્રામાં નિરાંત લઈને આવ્યાં હોય તેમ હાસ્ય વેરતાં હાથ મારા વાંસે પસવારતાં વાતો કરતાં ક્યાંય સુધી બેઠાં. હું પણ સ્વસ્થ હતો. માતાજીના દિવ્ય સ્પર્શનો અને મૃદુ



[ આધ્યાત્મિક કેડી, ઓક્ટોબર, '૮૬

વાણીનો આસ્વાદ માણી રહ્યો હતો. થોડી વારે માતાજીની રૂમમાંથી બહાર જવાનો દરવાજો છે તેનાં ત્રણ આગળા (કડીઓ) ફટાફટ ખુલી અને દરવાજો તેની જાતે જ ખુલી ગયો. મારો વાંસે-ખભે ત્રણ ટપલી મારી હું જાઉં છું તેવો નિર્દેશ કરતાં હોય તેમ અદૃશ્ય થઈ ગયાં.

હું રૂમમાં આવ્યો ત્યારે એલાર્મ ક્લોકમાં બે વાગ્યા હતા. માતાજી સાક્ષાત્ દર્શન આપી અદૃશ્ય થયાં ત્યારે બે ને દસ મિનિટ થઈ હતી. થોડી વારે શાતા વળતાં ઘરનાં સર્વેને માતાજીના આગમનના સમાચાર આપ્યા.

માતાજીના રૂમમાં આવી બધાંએ દિવ્ય વાતાવરણની અનુભૂતિ કરી. ચંપાના ફૂલની સુવાસ તીવ્ર આવતી હતી. સૂકા મેવાનો પ્રસાદ પણ માએ આરોગ્યો હતો. થોડો મિકસ (ભેગો) પણ કર્યો હતો. થર્મોસમાં પાણી એક ગ્લાસ જેટલું માતાજીએ લીધું હોય તેમ લાગતું હતું. ગ્લાસમાં થોડું પાણી હતું. પીતાં વધ્યું હોય તેમ લાગતું હતું.

બાજઠ (નાનું ટેબલ) પર જ્યાં પેન અને લખવા માટે પેડ રાખ્યું હતું તેની નીચે એક બદામ પડી હતી.'

□

## માના આગમનનાં એંધાણ

તા. ૫ મીની સાંજે કૂટીરનું વાતાવરણ અલૌકિક ને એકદમ આહ્લાદમય લાગતું હતું. કોઈક ઉત્સવનો આનન્દ સમગ્ર વાતાવરણમાં ને સર્વ ભક્તોના મુખ પર વિલસતો હતો. દિવ્ય, અલૌકિક અને અગમ્ય સુવાસ તીવ્રપણે આવતી હતી. સૌને જાણે આત્મપ્રતીતિ થઈ ગઈ હતી કે આજે તો માતાજી પધારશે ! જ બલ્કે સૌને શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. સૌ માતાજીનાં દર્શન કરવા ઉત્સુક હતાં. દરેકની વાતોમાં મા સાથેનો લાડ-પ્યાર વ્યક્ત થતાં હતાં. સૌ બાળક જેવાં બની જાણે માના ખોળામાં આળોટતાં હતાં.

તા. ૬ ઠ્ઠીને શનિવારે સવારે દસ વાગ્યાથી માના આગમનના સમાચાર જાણવાની ઉત્સુકતાથી ભક્તો ઝડપભેર કૂટીરમાં આવી રહ્યાં હતાં. કૂટીરમાં આવતાંને માતાજી પધારી ગયાં છે તેમ જાણતાં જ મા જાણે પ્રત્યક્ષ-સાક્ષાત્ બેઠી હોય ને તને મળવા, તેનાં દર્શન કરવા બાળકની જેમ સૌ માના મન્દિરવાળા ઓરડા તરફ દોટ મૂકતાં હતાં, માની પ્રત્યક્ષ ઉપસ્થિતિની નિશાનીઓ-અનુભૂતિઓ ને સુવાસનો અનુભવ કરી સૌ ધન્ય બની જતાં હતાં.



Scanned by CamScanner

# અલૌકિકનો લૌકિક આવિષ્કાર

નદીએથી સ્નાન કરીને પાછા ફરતા કિનારા પરથી એક બાળકના રડવાનો અવાજ ઋષિના કાને અથડાયો. તેમણે આમતેમ નજર કરી તો એક ઝાડની નીચે એકાદ માસનું એક બાળક જૂના કપડામાં વીંટળાઈને પડયું હતું. ઋષિએ બાળકને ઉપાડી લીધું. બાળકનું રૂદન બંધ થઈ ગયું. ઋષિએ ઊંચે આસમાન પર નજર કરી. તેઓ બાળકને પોતાના આશ્રમમાં લઈ આવ્યા. ઋષિના આશ્રમમાં બાળક ફૂલની જેમ ઉછરવા લાગ્યું. એમ કરતાં કરતાં એ બાળક સાત વર્ષનું થઈ ગયું.

તે બાળક સન્તોની એક લગનથી સેવા કરતો. સન્તોની એંઠી પ્રસાદી જ પોતાના ભોજનમાં લેતો અને સન્તોનાં ચરણો ધોયેલું પાણી જ તે પીતો ને એમ પોતાનો જીવનગુજારો કરવા લાગ્યો.

એક દિવસ ઋષિ ધ્યાનમાં બેઠા હતા. આ બાળક તેમની નજીક જ રમતો હતો. ધ્યાનમગ્ન ઋષિને બાળક એકીટશે નિરખી રહ્યો.

ધ્યાનમગ્ન ઋષિએ જોયું કે એક ભક્ત આપત્તિઓના તોફાનમાં સપડાયો હતો.

ઋષિએ પોતાના યોગબળથી તે ભક્તને ઊગારવાનો પ્રયત્ન કર્યો અને ભક્ત આપત્તિમાંથી મુક્ત થાય ત્યાં સુધી પોતાના યોગનું બળ કઠણ કર્યું. બાળકે જોયું તો જાણે ઋષિનો શ્વાસ એકદમ જોરથી ચાલતો હતો. જાણે ખૂબ પરિશ્રમ ન કર્યો હોય !

થોડી જ વારમાં ભક્ત આપત્તિમાંથી મુક્ત થયો. ઋષિએ પોતાના યોગની ક્રિયાને સ્થિર કરી દીધી અને આંખો ખોલી. તેમણે આંખો ખોલતાં જ પેલા બાળકે કહ્યું કે, ગુરુદેવ, આપને ઘણું કષ્ટ પડયું. આપ અહીંથી પણ આશીર્વાદ આપીને ભક્તને ઊગારી શકયા હોત !

ઋષિ આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા કે મેં મારા યોગબળથી ભક્તને ઊગાર્યો તેની આ બાળકને કેવી રીતે ખબર પડી ?

તેમણે બાળકને આ અંગે પૃચ્છા કરી કે, બેટા, તને આ કેવી રીતે ખબર પડી ?

બાળક કહે, ગુરુની સેવા અને તેમની એંઠી પ્રસાદી ખાવાનો મહિમા અનન્તકાળથી ગવાતો આવ્યો છે. હું તો દરરોજ આપની એંઠી પ્રસાદી આરોગું છું અને આપનાં ચરણો પર કરાયેલા અભિષેકનું જળ હું પીઉં છું એથી યોગશક્તિ હું પ્રાપ્ત કરી શક્યો અને એ શક્તિ વડે મેં જોયું કે આપ એક ભક્તને ઊગારવા ખૂબ પરિશ્રમ કરી રહ્યા છો.

બાળકના નિર્મળ પ્રેમ અને સેવાથી ઋષિ ખૂબ પ્રસન્ન થયા. તેમણે બાળકને કહ્યું કે, તને જે આ યોગશક્તિ પ્રાપ્ત થઈ છે તેનો જનકલ્યાણ અર્થે વિનિયોગ કરજે.

ઋષિ ગાયત્રીના પરમ ઉપાસક હતા. આશ્રમના એક છેડે ગાયત્રી માતાનું વિશાળ મંદિર હતું. બાળકનો દરરોજનો નિયમ હતો કે રાત્રે સૂતા પહેલાં માતા ગાયત્રીના મંદિરમાં જઈ કેવળ પ્રણામ કરવા અને તરત પાછા આવી સૂઈ જવું.

દરરોજના નિયમ પ્રમાણે બાળકે આજે મંદિરમાં જઈ માતાજીનાં ચરણોમાં માથું ઢાળી દીધું.



Scanned by CamScanner

માતાજીની મૂર્તિમાંથી અવાજ આવ્યો : 'બેટા, તું તો આખો દિવસ સન્તની સેવામાં જ વ્યસ્ત રહે છે પણ મને તો યાદે ય નથી કરતો, અવાજ સાંભળીને બાળક હર્ષાન્વિત થઈ ગયો. બાળકે માતાજી સામે નજર કરી તો મા બાળકની સામે મરકમરક મલકી રહ્યાં હતાં. માતાજી કહે, 'આ ઋષિની સેવાથી હું કંટાળી ગઈ છું, તું મારી પાસે આવીને બેસે, મારી સાથે રમે તો જ મને આનન્દ આવે.'

બાળક કહે, મા, હું પણ આવા એકધારા જીવનથી કંટાળી ગયો છું. મને તો ક્યાંય રમવા જ નથી મળતુ. મેં કદી માનો પ્રેમ પણ નિહાળ્યો નથી. પણ હું ક્યાં રમવા જાઉં ?

બાળકના અન્તરની ઝંખના અને આર્તનાદ જાણીને માતાજીએ છ-સાત વર્ષની બાળકીનું રૂપ ધારણ કર્યું અને બાળક સાથે રમવા લાગ્યાં. રોજનો આ ક્રમ થઈ ગયો. રોજ માતાજી બાળસ્વરૂપે આ બાળક સાથે આવી રમવા લાગ્યાં.

એક દિવસ રાત્રે બારેક થયા હશે. આ બેઉ બાળકો-ભગવાન અને ભક્ત પોતાની મસ્તીમાં મસ્ત હતા. માતાજી કહે, મને ભૂખ લાગી છે. બાળક કહે, અત્યારે તો કશું જ ખાવાનું નથી. પણ આવતી કાલે હું મારામાંથી થોડુંક રહેવા દઈશ.

બીજે દિવસે રાત્રે ફરી આ બાળકોની રમત શરૂ થઈ. સન્તોની એંઠી પ્રસાદીમાંથી બાળકે થોડું ખાવાનું રહેવા દીધેલું. વેદજનની આ બાળક પાસેથી એંઠી પ્રસાદી આરોગી રહી હતી. એટલામાં ઋષિનું આવવું થયું. માતાજીને એંઠો પ્રસાદ ધરાવતા બાળકને જોઈ તેઓ ક્રોધે ભરાયા, અને બાળકને જોરથી એક તમાચો મારી દીધો. બાળકને બાવડેથી ઝાલીને મંદિરની બહાર કાઢી મૂક્યો.

બીજે દિવસે સવારે ઋષિ માતાજીની પૂજા કરવા મંદિરમાં આવ્યા. માતાજી સામે મીટ માંડીને જોયું તો માતાજીના ગાલ સૂજેલા હતા. ઋષિ તો આકુળવ્યાકુળ થઈ ઊઠ્યા.

'આ શું ?' તેમના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા.

માતાજીએ કોઈ જવાબ ન વાળ્યો. એટલે ઋષિએ ફરી પૃચ્છા કરી. ઋષિને માતાજી આજે પ્રસન્ન લાગતાં નહોતાં. પૂજા કરતી વેળા રોજ મરકમરક મલકાતાં માતાજીની દૃષ્ટિ સ્થિર બની ગઈ હતી અને મુખ પર કોઈ ઊંડો વિષાદ હતો. પરિસ્થિતિનો તાગ પામવાનો પ્રયત્ન કરતા ઋષિએ માતાજી સામે એકીટશે જોયા કર્યું. એકાએક માતાજીએ ઋષિને કહ્યું કે, તેં રાત્રે બાળકને તમાચો માર્યો છે તેથી એના ગાલ સૂજી ગયા છે. અમે બન્ને એક જ છીએ. અમારાં બેનાં શરીર જુદાં છે પણ પ્રાણ એક છે. એ મારો બાળક છે. તેં એને શા માટે તમાચો માર્યો? આટલો બધો ક્રોધ તારા જેવા ઋષિને માટે યોગ્ય છે ખરો ?

ઋષિ કહે, માતાજી, આપને તે એંઠો પ્રસાદ ધરાવી રહ્યો હતો...

એ શું ખવડાવે છે તે જોવાનું નથી; એના અન્તરનો પ્રેમ કેટલો ઉત્કટ છે તે જ જોવાનું છે. હું તો ભક્તના ભાવને જોઉં છું. ભાવ વગરના કોઈ પણ ભોગ કે પૂજાનો હું સ્વીકાર નથી કરતી. માતાજીએ ઋષિને કહી દીધું.

ઋષિને પોતાની ભૂલ સમજાઈ. તેમણે માતાજીની ક્ષમા માગી.

માતાજી કહે, તેં મારો નહિ પણ બાળકનો અપરાધ કર્યો છે તેથી તેની માફી માગ. તેના ગાલનો સોજો ઉતાર. તો જ મને શાંતિ થશે.



Scanned by CamScanner

ઋષિ તત્ક્ષણ જ બાળક પાસે આવ્યા અને તેના પગમાં પડી માફી માગવા લાગ્યા. બાળક તો શરમાઈ ગયો. અને કહે, ગુરુજી આ શું કહો છો ? મારી તે કંઈ માફી માગવાની હોય? હું તો આપનો અબુધ બાળક છું.

ના, તું તો વેદજનનીનો બાળક છે. માતાજી તારા નિર્દોષ પ્રેમથી પ્રસન્ન થયાં છે અને તારા હાથે એંઠું ભોજન પણ આરોગે છે. મેં તને તમાચો માર્યો તેથી તારા અને માતાજીના પણ ગાલ સૂજી ગયા. માતાજીને જપ, તપ, નિયમ, યોગ કરતાં પણ શુદ્ધ હૃદયની ભક્તિ ગમે છે. મેં ક્રોધના આવેશમાં આવી તને તમાચો માર્યો. મારામાં અહંકાર આવ્યો. મારી વર્ષોની તપશ્ચર્યા વ્યર્થ ગઈ. તારા થકી સાચી ભક્તિનું રહસ્ય મને આજે સમજાયું, કહી બાળકને ઋષિએ બાથમાં ભરી લીધો.

મનુષ્ય પોતાના પૂર્વભવનાં સંચિત કર્મોના બળે સંતનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી શકે છે. સંતના સાન્નિધ્યમાં રહેતાં રહેતાં, તેમની અનન્ય ભાવથી સેવા કરતાં કરતાં પ્રભુની ભક્તિ કરવાનો ભાવ જાગે છે. આ ભાવ તેનામાં શ્રદ્ધા અને શરણાગતિ જગાડે છે. મનુષ્યના અન્તરની નિરંતર શ્રદ્ધા અને શરણાગતિથી હૃદયના નિર્મળ પ્રેમભાવથી પ્રસન્ન થઈ પ્રભુ પોતાના ભક્તને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે. ભગવાન પોતાના નિયમો ભક્તને ખાતર બદલી નાખે છે. પોતાનામાં સમર્પિત થઈ ગયેલા ભક્ત પર ભગવાન ન્યોછાવર થઈ જાય છે. પોતાનું ભવ્ય ઐશ્વર્ય છોડીને સામાન્ય મનુષ્યરૂપે રહેલા પોતાના ભક્તના નિર્દોષ ને નિર્મળ પ્રેમથી સામાન્ય મનુષ્ય રૂપે ભક્ત સાથે લૌકિકતાનો અંચળો ઓઢીને અલૌકિક જગતનો રાજરાજેશ્વર લૌકિક સંબંધ બાંધે છે ત્યારે શું એ રાજરાજેશ્વરને પૃથ્વીલોકની લૌકિકતામાં, લૌકિક સુખમાં, લૌકિક નાતામાં માયા જાગે છે ? ના. પોતાનો ભક્ત જે લૌકિકતામાં વાસ કરે છે તે લૌકિકતાને ભક્તને ખાતર ધારણ કરવી પડે છે. ભગવાનની દિવ્યતા અને ભવ્યતાની આરાધના ભક્ત કરે છે પણ એનું દિવ્ય અને ભવ્ય રૂપ ભક્તથી સહન થઈ શકતું નથી તેથી ભક્તને ખાતર, તેના સંતોષ ખાતર, તેના આનંદ ખાતર, પોતાના ભવ્ય ને દિવ્ય રૂપને માણી શકે તેટલા ખાતર રાજરાજેશ્વર સામાન્ય રૂપ લઈને ભક્તની સાથે સામાન્ય અને લૌકિક વ્યવહાર કરે છે. ભક્તના અન્તરના નિર્મળ, નિર્દોષ અને અનન્ય પ્રેમના સ્વીકાર અર્થે ભક્તને પોતાના બાહુમાં-બાથમાં જકડી લઈને દિવ્ય આનન્દ અને ભવ્ય પ્રેમની અનુભૂતિઓ કરાવે છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ વિશ્વરૂપદર્શન વેળા ખુદ અર્જુન પણ ભયભીત થઈ ગયેલો અને તેણે ભગવાનને વિનંતી અને પ્રાર્થના કરતાં દિવ્ય લીલા સંકેલી, રૌદ્ર રૂપ સંકેલી સૌમ્ય રૂપ ધારણ કરવા કહેલું.

સર્વશક્તિમાન પરમાત્મા પોતાના સિંહાસનેથી જ ભક્તને આશિષ ને પ્રેમની વર્ષા કરવા સમર્થ છે. પોતાની ઉપસ્થિતિનો, પોતાના સ્પર્શનો અનુભવ પણ કરાવી શકે છે. પોતાના સિંહાસનેથી તે ભક્તને ખાતર ગમે તે કરી શકવા શક્તિમાન છે પણ યાદ રહે કે પરમાત્મા પરમકૃપાળુ કહેવાય છે. તેના પ્રેમ અને દયાની કોઈ સીમા નથી. મનુષ્યે લીધેલા પોતાના આશ્રયથી ભગવાન સતત તેના શ્રેયની -હિતની ચિંતા કરતા હોય છે. ભક્તે પોતાનામાં મૂકેલા શ્રદ્ધા અને વિશ્વાસથી ભગવાન જાગ્રત બની જાય છે કે આનું કાર્ય તો મારે પાર પાડવું જ જોઈએ. આ તો બિચારો મારે ભરોસે બેઠો છે. આપણા લૌકિક વ્યવહારમાં પણ આપણે ભરોસે બેઠેલ કોઈક વ્યક્તિનું કાર્ય પાર પાડી આપવાની કે તેનું ધ્યાન રાખવાની ફરજ પડી જાય છે. તો આ તો સર્વશક્તિમાન પરમાત્મા છે. તે અન્તર્યામી છે. તેના ભંડાર ભરપૂર છે. તે આપણને સર્વને આપે છે, ત્યારે તેને યત્કિંચિત્ પણ આપવાની આપણી કોઈ હેસિયત છે ખરી ? પણ આપણા દિલની ઉદારતા, આપવાની દાનત કેટલી સાફ છે તે ભગવાન જુએ છે.



Scanned by CamScanner

- મહેલોમાં રહેતો કોઈ કરોડપતિ સામાન્ય મનુષ્યને ત્યાં જાય છે ત્યારે પેલા સામાન્ય મનુષ્યને પોતાની કોઈ ઊણપ ન લાગે, પોતે કોઈ મૂંઝવણ ન અનુભવે તેથી તે સામાન્ય વેશમાં જઈ સામાન્ય ભાવથી જ વર્તે છે. ત્યારે આ તો પરમ ઐશ્વર્યસભર અલૌકિક જગતમાં વાસ કરતો પરમાત્મા ભક્તની સાથે અદ્વૈત સાધવા, પોતાના પ્રેમની પ્રતીતિ કરાવવા, પોતાના અતૂટ સાથ–સહકારની ખાતરી આપવા, તેની ભક્તિને દૃઢ કરવા, તેના અહંકારને નામશેષ કરવા અને તેના સર્વ પાપોનો નાશ કરવા પોતાનું ઐશ્વર્ય છોડીને પોતાની મર્યાદા ઓળંગીને ભક્તની પાસે–સામે–નજીક આવીને ભક્તને પોતાની બાથમાં ભીડી લે છે અને ઉપરના પ્રસંગમાં દર્શાવ્યું તેમ બાળક સાથે બાળકરૂપે રમવા નીકળી પડે છે. શું રાજરાજેશ્વરી પોતાની શક્તિથી આ બાળકને કોઈ ભાઈબન્ધ રમવા આવી મળે તેવી ગોઠવણ કરી ન શક્યાં હોત ? પોતાની શક્તિથી સ્વયમ્ બાળકને ખવડાવી ન શક્યાં હોત ? પણ તેમ ન કરતાં સ્વયમ્ બાળરૂપ ધારણ કરી બાળક સાથે રમવા નીકળી પડયાં અને તેના નિર્મળ અને નિર્દોષ ભાવનો સ્વીકાર કરવા બાળકના હાથે સન્તોની એંઠી પ્રસાદી આરોગી.

જીવન, સંસાર, આધ્યાત્મિકતા અને સાક્ષાત્કાર સુધીના સમગ્ર તબક્કા દરમ્યાન સમ્પૂર્ણ શ્રદ્ધા–જાગૃતિ અને નિર્દોષ–નિર્મળ સેવાભાવને આપણે પણ જીવનમાં ઓતપ્રોત બનાવીશું તો સાક્ષાત્કાર સુધી અવશ્ય પહોંચી શકીશું. માતાજી સ્વયમ્ આવીને આપણને તેની ગોદમાં ખેંચીને સમાવી લેશે. જરૂરી છે એ દિશામાં પ્રયત્ન કરવાનો.

□

શુભેચ્છા સહિત :

Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જંરી કસબ ગીલીટ કરનાર


ડોકટર જયંત ફેબ્રીકસ

એમ્બ્રોઈડરી જયોર્જેટ બનાવનાર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૪/૧, ખટોદરા
ઉધનારોડ, સુરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત–૧

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



તે દિવસે અમે કૂટીરમાં પહોંચ્યા ત્યારે કૂટીર મુલાકાતીઓથી ભરાઈ ગઈ હતી. પૂ. ગુરુદેવ પણ કૂટીરમાં જ બિરાજેલા હતા. આવી રહેલા મુલાકાતીઓને બેસવા માટે કેટલાક ભાઈ-બહેનો શેતરંજીઓ પાથરીને બેસવાની જગ્યા કરી આપતા હતા. વરસાદ ક્યારનો પડી ચૂક્યો હતો. સમગ્ર વાતાવરણમાં ઠંડક અને ભીનાશ વર્તાતી હતી. સરસ પવન વાઈ રહ્યો હતો. કૂટીરમાંના લીમડાંનાં એ વૃક્ષો લળી લળીને જાણે ગુરુદેવને પ્રણામ કરી રહ્યાં હતાં.

અમે જઈને ગુરુદેવનાં ચરણોમાં પ્રણામ કરી બેઠક લીધી. ગુરુદેવે આત્મીય ભાવે સૌના ખબર અંતર પૂછ્યા. તેમનાં ચહેરા પરનો મલકાટ કંઈક અનેરો હતો. આજે તેમણે કફની ને ધોતિયું પરિધાન કરેલ. તેમની દિવ્યતા અને તેજસ્વિતાનું દર્શન મનને ભરી દેતું હતું. કોઈક અગોચર શક્તિની ઉપસ્થિતિથી સમસ્ત વાતાવરણ જાણે ભર્યું ભર્યું લાગતું હતું.

માતાજીની ઉપાસનાના અનુભવો, જીવન અને સમાજની વિષમતા તેમ જ માનવીના અંગત અને કૌટુંબિક પ્રશ્નોથી સર્જાતી મૂંઝવણો અને વિમાસણોની વાતો થઈ રહી હતી.



Scanned by CamScanner

ગુરુદેવ કહે, 'પળે પળે માતાજીનું સ્મરણ કરતાં કરતાં સાવધાથી-સાવચેતીથી જીવન પસાર કરવાનું છે. ભૂલમાં પણ આપણે કોઈ મોહની જાળમાં, પ્રલોભનમાં ફસાઈ ન જઈએ તે જોવાનું છે. જીવનનાં દરેક નાનાં-મોટાં કાર્યો કરતાં સો વાર વિચાર કરવાનો છે. આપણા વિવેકભાવને સતત જાગ્રત ને સજાગ રાખવાનો છે.

વાતવાતમાં ગુરુદેવે બે પ્રસંગો વર્ણવ્યા તે ખૂબ જ વિચારપ્રેરક હતા, જે અત્રે રજૂ કરીએ છીએ.

ગુરુદેવ કહે, 'છેલ્લાં છ-સાત વર્ષથી એક દમ્પતી મારી પાસે આવે છે. તેઓ નિયમિત માતાજીની માળા કરતા હતા, તેઓને ખૂબ જ સારા અનુભવો પણ થતા હતા. જીવનમાં કશી વાતની ઊણપ નહોતી. જીવન જ્યારે આમ સરળતાથી પસાર થતું હોય ત્યારે માનવીની શ્રદ્ધાની-સચ્ચાઇની – તેનાં મૂલ્યોની કસોટી કરવા આપણા જીવનમાં અનેકાનેક પ્રલોભનો આપણી સામે આવે છે પણ એ પ્રલોભનને આપણે વશ નહીં થઈએ તો જ આપણે સત્ત્વશીલ બની શકીએ...

આ દમ્પતીને એક દિવસ કોઈ એક તાંત્રિક ભેટી ગયો. આ તાંત્રિકે બડાશ મારતાં આ દમ્પતીને એમ જણાવ્યું કે, મારામાં એટલી આવડત અને શક્તિ છે કે અમુક સમયને અન્તે હું પૈસા કે દાગીના બેવડા કરી આપીશ...આ માયાજાળમાં ફસાઈને આ ભાઈએ પોતાના ઘરના અને પોતાની પત્નીના પિયરના સો સો તોલા કરીને કુલ્લે બસો તોલા દાગીના બમણા કરવાની લાલચમાં આ તાન્ત્રિકને આપી દીધા. આ તાન્ત્રિકે આપેલા સમયની મુદત સુધી તો તેઓ નિશ્ચિંતપણે ફુલાઈને ફરવા લાગ્યા.

સમયની અવધિ પૂરી થતાં આ દમ્પતીએ તાન્ત્રિક પાસે દાગીનાની માગણી કરી. તાન્ત્રિકે વધારે સમય માગ્યો. ને એમ તે ઉત્તરોત્તર સમયની મુદત વધારવા જ લાગ્યો. લાલચમાં ને લાલચમાં આ દમ્પતી થોડોક વખત તો ધીરજ ધરીને બેસી રહ્યું. કારણ પેલો તાન્ત્રિક તેઓને કહેતો કે તમે બે-ફિકર રહેજો. તમારા દાગીનાની પેટી મેં મારા માળિયામાં સલામત મૂકી રાખી છે અને મારી વિધિ હજી ચાલુ જ છે...આમ ને આમ સમય વહેવા લાગ્યો. માતાજીના સતત ચાલતા મન્ત્રજપને કારણે તેમને કંઈક અજુગતું થઈ રહ્યું હોવાની પ્રેરણા જાગી અને તેઓ એક દિવસ મારી મુલાકાતે આવ્યા. ઘણા વખત પછી મળવાથી મેં તેઓના ખબરઅંતર પૂછ્યા. તેમણે મને કહ્યું કે, એક મુસીબત આવી છે.'

મેં પૂછ્યું કે 'શું છે?' તો કહે, અમને એક જણે કહ્યું કે પૈસા-દાગીના વગેરે હું બમણા કરી આપું છું. તેમની વાતમાં આવીને અમે કુલ્લે આમ બસો તોલા સોનાના દાગીના આપી દીધા છે. તેણે આપેલ સમય પૂરો થઈ ગયો છે પણ હજી તે દાગીના આપતો નથી. હવે શું કરીએ?... મને ખૂબ આશ્ચર્ય થયું. મેં તેઓને સામો પ્રશ્ન કર્યો કે, શું આ રીતે પૈસા કે દાગીના બેવડા થઈ શકે ખરા? તમને તમારી બુદ્ધિ આનો શો જવાબ આપે છે? પણ તેઓ મારા પ્રશ્નનો જવાબ ન આપી શક્યા. તેઓ ખૂબ જ અસ્વસ્થ થઈ ગયા હતા. મેં તેઓને સાન્ત્વન આપ્યું અને મારા પ્રયત્નો કરીશ એમ જણાવ્યું.'

સુખી લોકો પણ આવી લાલચમાં ફસાય છે તેનું ગુરુદેવે ઊંડું દુઃખ વ્યક્ત કર્યું.

ગુરુદેવે કહ્યું કે 'સુખમાં કે દુઃખમાં માતાજીની શરણાગતિ સહેજ સરખી પણ ચલિત ન થાય તેનું જ ખાસ ધ્યાન રાખવાનું છે. જ્યારે કોઇપણ પ્રકારની મૂંઝવણ કે આપત્તિ આવે ત્યારે માતાજી સમક્ષ જ તેની રજૂઆત કરવી જોઈએ, ધા નાખવી જોઈએ. તેની પાસે એક સમયે માગવામાં પણ કોઈ નાનમ નથી પણ આપણને એટલો વિશ્વાસ હોવો જોઈએ કે હું જેને શરણે જાઉં છું તે મને

અવશ્ય ઉગારશે અને સહાય કરશે. હૃદયમાં આ વિશ્વાસ જન્માવવો અને ટકાવવો ખૂબ જ દુષ્કર છે. આ વિશ્વાસને દૃઢઅવિચલિત બનાવતાં સુધીમાં તો આપણે હાલી જઈએ છીએ કે બધું જ ગુમાવી બેસીએ છીએ.'

એક બીજો પ્રસંગ વર્ણવતાં ગુરુદેવે કહ્યું કે, 'સુખી ઘરના એક મુરબ્બીએ કંઈક વિપત પડતાં સો તોલા સોનાના દાગીના ગિરો મૂકયા. સમય જતાં ગિરો મૂકેલ દાગીના છોડાવી લાવ્યા. બધા જ દાગીના પાછા મળ્યા પણ ખરા. પેલા મુરબ્બીનાં પત્નીએ દાગીના યથાયોગ્ય સ્થાને મૂકી દીધા. છએક મહિના પછી કોઈક અવસર પર પેલા દાગીના પહેરવા કાઢયા. અને કોઈક શક પડયો કે શું થયું તે પોતાના એ દાગીના જે સોનીએ ઘડેલા તે સોનીને બતાવ્યા. સોનીએ જણાવ્યું કે, આ દાગીના આપણા નથી. આ સોનાના પણ નથી. આ દાગીના ચાંદીના સોનાના ગીલીટવાળા છે...

આમ સો તોલા સોનાના દાગીના મૂકનાર મુરબ્બી સાથે વિશ્વાસઘાત થયો. સો તોલા સોના અને ચાંદીના દાગીનાની કિંમતનો તફાવત આપણે સમજી શકીશું. પણ હવે શું થાય?'.

જીવનમાં આમ જેના પર સંપૂર્ણ વિશ્વાસ હોય છે તેઓ જ વિશ્વાસઘાત કરે છે તેમ કરતાં તેઓ સહેજ પણ ખંચકાતા નથી, જેને કારણે નિર્દોષ–સારા ને સાચા માનવીના જીવનમાં અનેક આપત્તિઓ આવી પડે છે. આવી આપત્તિઓમાં ન સપડાઈએ તેની સાવચેતી રાખવાની છે.

કયારેક સમય એવો આવે છે કે આપણે હાલી જઈએ છીએ. આપણો વિશ્વાસ ડગી જાય છે અને કોઈક પળે આમ અવિચારી પગલું ભરી બેસીએ છીએ અને જીવનભર પસ્તાઈએ છીએ.

સમય ખૂબ ખરાબ છે. આપણી ચોમેર અનેક પ્રકારનાં અનિષ્ટ તત્ત્વો પથરાઈને પડયાં છે. એ બધાથી સાવચેત રહેવાનું છે. આપણે કદી કોઈની વાતમાં ન આવીએ કે કોઈ પ્રલોભનમાં ન ફસાઈએ તેની તકેદારી આપણે જ રાખવાની છે. અને એ ત્યારે જ શકય બનશે કે જ્યારે આપણને આપણા ઈષ્ટમાં–માતાજીમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હશે. આથી આપણે શ્રદ્ધા અને વિશ્વાસને જ કેળવીએ અને દૃઢ બનાવીએ એ જ આપણે માટે ઉચિત છે.

ગુરુદેવની વાતો સાંભળીને મન ભરાઈ ગયું હતું અને સત્સંકલ્પોને દૃઢ કરવા તત્પરતા દાખવતું હતું. અંતરનાં શ્રદ્ધા અને વિશ્વાસ જાણે ઊંડે ઊતરવાનો પ્રયત્ન આદરી રહ્યાં હતાં.

અમે તેમને પ્રણામ કરી ઊઠયા અને તેમની સામે નજર માંડી ત્યારે તેમનો જમણો હાથ આશિષની મુદ્રામાં ઊંચકાયો અને ક્ષણાર્ધ પૂરતું આંખો બંધ થઈ અને પાછી ઊઘડી. જાણે વેહજનનીને સૌના કલ્યાણની–શ્રેયની પ્રાર્થના ન કરતા હોય.

આજે લાગ્યું કે શાસ્ત્રીજીની ઉપાસના કોઈ જડ ચોકઠામાં સમાયેલી નથી. તેમણે ઉપાસનાનો અને સમગ્ર જીવન જીવવાનો નવો ચીલો પાડી આપ્યો છે.

*

તા. ૨૯–૮–'૮૬ લેસ્ટર (ઇંગ્લૅન્ડ) રાતે ૮–૩૦ વાગે પ્રભાબેનનો ફોન આવ્યો કે તેમના નાના બેન પુષ્પાબેન બહુ જ બિમાર છે, બેભાન જેવાં છે. ત્રણ દિવસથી કશું જ ખાધું નથી. ડૅાકટર રોગ પારખી શકતા નથી. ત્રણ હોસ્પીટલ બદલાવી છે. મા ગાયત્રી અને ગુરુદેવમાં અમે બહુ જ શ્રદ્ધા ધરાવીએ છીએ. પુષ્પાબેન માટે ગુરુદેવ અત્યારે જળ આપશો?

બહેનજીએ કહ્યું, ભલે આવીને જીવનજળ લઈ જાઓ.



Scanned by CamScanner

પ્રભાબેન દસ જ મિનિટમાં ટેક્સી કરીને આવી ગયાં અને જીવનજળ લઈને પંકજભાઈ પ્રભાબેનને ઘરે મૂકી આવ્યા.

અડધા કલાકમાં જ ફરીથી ડોરબેલ વાગી. બારણા પાસે ગાડી ઊભી હતી. અભાન અવસ્થામાં હોય તેવા એક બેનને ત્રણ જણા ઊંચકીને રૂમમાં ગુરુદેવ પાસે લાવ્યાં. આ વેળા માતાજીની આરતી ચાલતી હતી. બધાં આરતીમાં લીન હતાં, ત્યાં જ પેલાં બેન ધબાક દઈને જમીન પર પટકાઈ ગયાં. પુષ્પાબેન કે જેમને માટે તેમના મોટાં બેન જીવનજળ લઈ ગયાં હતાં તે હોસ્પિટાલમાંથી પાછાં ઘેર આવી ગયાં હતાં અને ગુરુદેવના દર્શને આવવાની જીદ લીધી હતી. તેમનો દીકરો અને બહેનો તરત જ તેમને ગુરુદેવ પાસે લઇ આવ્યાં હતાં.

પુષ્પાબેનની હાલત બહુ જ નાજુક હતી. આંખો શુષ્ક, સ્થિર અને ખોવાયેલી લાગતી હતી. મુખ નિસ્તેજ હતું. શરીરનું કશું જ ભાન રહ્યું ન હતું.

આરતી પૂરી થતાં ગુરુદેવ પાસે તેમને સુવરાવવામાં આવ્યાં. પૂજ્યશ્રીએ જળ અભિમંત્રિત કરી મોંઢા પર છાંટયું અને પીવા માટે આપ્યું. જીવનજળનો છંટકાવ થતાં પુષ્પાબેને આંખો ખોલી, બહેનજીએ તેમને બેસાડયાં અને વાટકી હાથમાં આપી જીવનજળ પીવા માટે કહ્યું. જીવનજળ પીધા પછી થોડી સ્ફૂર્તિ આવી હોય તેમ લાગ્યું. પૂજ્ય ગુરુદેવે પુષ્પાબેનના માથે અને બરડે હાથ ફેરવી શક્તિપ્રદાન કર્યું અને તેમના મનની વાત કહેવા જણાવ્યું. ગુરુદેવના ચરણમાં માથું ઢાળી પુષ્પાબેને દિલ હળવું કર્યું. ત્રણ દિવસથી ખાધું ન હતું એટલે અશક્તિ પણ બહુ જ હતી. તેમને ગુરુદેવની પ્રસાદી રૂપ ખીચડી અને શાક હતું તે આપ્યું, બીસ્કીટ આપ્યું. પુષ્પાબેને તેમની જાતે જ ખાધું. ઉપસ્થિત સર્વે ભાઈબહેનો થોડી વાર પહેલાંની પુષ્પાબેનની હાલત જોઈ ચિંતિત હતા તે સૌ આનંદિત થઈ ગયાં.

જેને ચાર જણા ઊંચકીને ગંભીર હાલતમાં લાવ્યા હતા તે બેન સ્વસ્થ થઈ પોતાની જાતે ચાલીને ઘેર ગયાં. બીજે દિવસે સવારે ૧૧ વાગે પૂજ્યશ્રી પાસે આવ્યાં ત્યારે પુષ્પાબેન ઘણાં જ સ્વસ્થ હતાં. તેમના મનનો ઉભરો પત્રમાં ઠાલવી પૂ. ગુરુદેવને વાંચવા માટે આપ્યો હતો. સાંજે ૬ વાગે તેમને શક્તિપ્રદાન સારવાર માટે લઈ આવવા તેમના દીકરાને જણાવ્યું. સાંજે શક્તિપ્રદાન સારવાર મળ્યા પછી પુષ્પાબેન બિલકુલ નૉર્મલ-સ્વસ્થ લાગતાં હતાં. પૂજ્યશ્રીએ જણાવ્યું, તમારો બધો ભાર મને સોંપી તમે હળવાં થઈ જાવ, કોઈપણ જાતની ચિંતા કરશો નહિ.

તા. ૨૧-૮-'૮૬ ગુરુવારે પુષ્પાબેનનો દિકરો કિરણભાઈ ગુરુદેવની પાસે આવી વંદન કરીને બેઠો અને ભાવવિભોર બનીને કહેવા લાગ્યો ગુરુદેવ, મારાં મમ્મી બિલકુલ નૉર્મલ થઈ ગયાં. આપનો ખૂબ ખૂબ આભાર. બરાબર એક અઠવાડિયે આજે મને શાંતિ છે. આજે ડૉક્ટરની એપૉઇન્ટમેન્ટ હતી એટલે ચેકઅપ કરાવવા ગયાં હતાં. મમ્મી બિલકુલ નૉર્મલ હતાં અને અંગ્રેજીમાં ડૉક્ટર સાથે વાત કરતાં હતાં. ડૉક્ટર અંગ્રેજ હતા, આશ્ચર્યચકિત થઈને કહેવા લાગ્યા :

'This is a Miracle-બે દિવસમાં આટલું સારું કેવી રીતે થઈ ગયું ?' મેં કહ્યું, 'ડૉક્ટર, અમારા ગુરુદેવના આશીર્વાદથી મમ્મી સારાં થઈ ગયાં છે.' ડૉક્ટર ખુશ થઈ ગયા અને કહ્યું, "I belive in religion. your recovery is really a miracle"

□



Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન :** માતાજીના હાથમાં વિરોધાભાસી આયુધો શા માટે છે? એક હાથમાં ગદા છે અને બીજા હાથમાં પદ્મ છે. એક હાથમાં ફરસી, બીજામાં કમંડળ છે. એક હાથમાં ચાબુક છે. એક હાથ આશિષની મુદ્રામાં છે. એક હાથમાં શંખ છે, એકમાં ચક્ર છે. આમ સર્જન અને સંહાર, વરદાન અને દંડ આવું શા માટે?

**ઉત્તર :** માતાજીના સૌમ્ય, તટસ્થ અને રૌદ્ર સ્વરૂપની પ્રતીતિ કરાવતાં આ આયુધો છે. માતાજીનાં–ઈષ્ટદેવનાં ત્રણ રૂપ છે. સત્યનાં ત્રણ પાસાં છે. સત્ત્વ, રજસ્ અને તમસ્. જીવન–જગતની ત્રણ સ્થિતિ છે–ઉત્પત્તિ સ્થિતિ, અને લય. જન્મ, જીવન અને મૃત્યુ. પ્રકૃતિના ત્રણ રૂપ છે–સૌમ્ય, તટસ્થ અને રૌદ્ર. આમ એક જ તત્ત્વમાં ત્રણ–સ્વરૂપનું દર્શન થાય છે.

ઈશ્વરના ત્રણે તત્ત્વનું એકીસાથે દર્શન કરવાની જરૂર છે. માતાજી પ્રેમાળ છે, દયાળુ છે. આપણું કલ્યાણ ઈચ્છે છે એ બધું સાચું છે પરંતુ માતાજી દયાળુ છે સાથે ન્યાયી પણ છે. મમતાળુ છે સાથે ધર્માગ્રહી પણ છે. માતાજી કૃપા કરે છે તો સાથે સાથે કસોટી પણ કરે છે. આશીર્વાદ આપે છે તો શિક્ષા પણ કરે છે.

ઈશ્વર સ્વર્ગ ને નરક બંને સર્જે છે. આપણે પરમાત્માના સૌમ્ય સ્વરૂપની સાથે તેના રૌદ્ર સ્વરૂપનો પણ ખ્યાલ રાખવો જોઈએ.

**પ્રશ્ન :** ગુરુદેવ, માતાજીનાં–પરમાત્માનાં આપણે સહુ બાળકો કર્મથી બંધાયેલાં છીએ એ ખરું પરંતુ કર્મ તો ઈશ્વરને આધીન છે. ઈશ્વર દયાળુ છે; એટલે આપણે ગમે તે કર્મ કરીએ પરંતુ આપણી ગતિ તો સરખી જ થાય ને?

**ઉત્તર :** આપણે પરમાત્માના–માતાજીના એક જ તત્ત્વ આપણને અનુકૂળ એવા સ્વરૂપનો ખ્યાલ કરીએ છીએ અને તે પ્રમાણે આપણા વિચારોનું અર્થઘટન કરીએ છીએ. પરંતુ પરમાત્માના ત્રણે સ્વરૂપનો ખ્યાલ કરીએ તો દયાળુની સાથે કોપાયમાન મુખારવિંદનો પણ ખ્યાલ રાખવો જોઈએ એટલે આપણે ધર્મ–નીતિ વિરૂદ્ધનું કોઈપણ કાર્ય કરીએ તો પરમાત્માનું કોપાયમાન સ્વરૂપ આપણા એ ધર્મવિરોધી કાર્યનું ફળ આપે છે.

આપણા સારા કર્મ માટે માતાજી આશીર્વાદ આપે છે તે જ મા આપણા બૂરા–અધાર્મિક કર્મ માટે ગદા ઉઠાવે છે અને આપણને શિક્ષા કરે છે. જે માતાજી આપણને પ્રેરણા આપે છે તે જ આપણી કસોટી પણ કરે છે. માતાજી સ્વયં એક ન્યાયાસન અને ન્યાયાધીશ છે. એક નિયમ છે.

અનીતિ–અધર્મ આચરનારને સમય આવ્યે માના રૌદ્ર સ્વરૂપનો પરચો મળે છે જ્યારે નીતિમત્તાનું જીવન જીવી ધર્મને માર્ગે ચાલનારને માતાજીના સૌમ્ય અને તટસ્થ સ્વરૂપનો પરચો મળે છે.

**પ્રશ્ન :** ગુરુદેવ, માતાજીની સમીપ પહોંચવા શું કરવું?

**ઉત્તર :** માતાજીમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ તેમ જ મા–બાળકનો સમ્બન્ધ કેળવો. આપણા મનને–તનને–સમગ્ર અસ્તિત્વને માતાજી માટેના પ્રેમથી ભરી દઈશું અને મનથી નિર્મળ, નિર્વિકારી અને નિર્દોષ બનીશું તો માતાજીની સમીપ પહોંચવામાં સરળતા પડશે.



Scanned by CamScanner

**પ્રશ્ન :** મા–બાળકના સમ્બન્ધ વિશે સમજાવશો ? તે કેવી રીતે કેળવાય ?

**ઉત્તર :** આપણા જીવનવ્યવહારમાં મા–બાળકનો સમ્બન્ધ આપણે હરહંમેશ જોતાં–જાણતાં અને અનુભવતાં આવ્યાં છીએ. એનું બારીકાઈથી નિરીક્ષણ કરીશું તો જણાશે કે, જ્યારે એક મનુષ્ય જન્મ ધારણ કરીને પૃથ્વી પર આવે છે ત્યારે તે આપોઆપ માની તેમજ અન્યોની છત્રછાયામાં, શરણાગતિમાં આવી જાય છે. બાળક સમજણું થાય ત્યાં સુધી બાળકની પ્રત્યેક જવાબદારી માતાને શિરે રહે છે. માને એની બધી જ જરૂરિયાતોની ખબર હોય છે, બલ્કે માએ બાળકની સર્વ રીતે સંભાળ રાખવી પડે છે, કાળજી લેવી પડે છે. આ એક વાત.

માના અન્તરમાંથી પ્રેમ, વહાલ, વાત્સલ્ય નિરંતર વહેતાં રહે છે. આ બીજી વાત.

બાળસહજ ચેષ્ટાઓ, તેની નિર્દોષતા, તેની મસ્તી, તેનો કિલકિલાટ માના પ્રેમમાં, વહાલમાં, વાત્સલ્યમાં વધારો કરે છે. કેટલાક બાળકો એવાં હોય છે, જે પ્રતિપળ ખુશખુશાલ રહે છે. આનન્દ ને સ્મિત તેના ચહેરા પરથી જરા યે વિલાતાં નથી, નથી એ ખાવાનું માગતું, નથી પીવાનું માંગતું, નથી એ જીદ કરતું કે નથી તોફાન કરતું. તેવાં બાળકોની મા, વડીલો, કુટુંબ ને સમાજ નોંધ લે છે. તે બાળક સૌને પ્રિય થઈ છે.

આ લૌકિક જગતના મા–બાળકના સમ્બન્ધની વાત થઈ.

હવે આપણે ઉપાસના ક્ષેત્રે મા–બાળકના આધ્યાત્મિક સમ્બન્ધને સમજવાનો પ્રયત્ન કરીએ.

જે કોઈ મનુષ્ય માતાજીના–અથવા પોતાના કોઈ પણ ઇષ્ટ દેવ દેવીને–શરણે જઈ ઉપાસના કરવા ઇચ્છે છે તેમણે શરણાગતિની સાથે જ આ બાળભાવ કેળવવો જોઈએ એમ મને લાગે છે.

સંસારમાં અટવાતાં, જીવનમાં હારીને–થાકીને આપણે પરમકૃપાળુ પરમાત્માને આશ્રયે, શરણે જઈએ છીએ એટલે આધ્યાત્મિક દૃષ્ટિએ આપણો નવો જન્મ થાય છે. નવું જીવન શરૂ કરીએ છીએ–એક અગોચર અદૃષ્ટ અલૌકિક જગતમાં આપણે પદાર્પણ કરીએ છીએ. એ પ્રદેશ અંગે આપણે કશું જ જાણતા નથી. તેથી જ એ અલૌકિક જગતના માતા–પિતાને શરણે જઈ આપણું સર્વસ્વ તેના હાથોમાં, તેનાં ચરણોમાં સમર્પી દેવાનું છે. આપણી સઘળી જવાબદારી તેના શિરે નાખી દેવાની છે ને માતાજીના – આપણા ઇષ્ટના સ્મરણમાં લીન ને તન્મય બનીને રહેવાનું છે.

ખોળો ખૂંદતા બાળકને ક્યારે શું જોઈશે તે તેની માતાને ખબર છે, આપણે મનુષ્યો જ્યારે વેદજનનીના ખોળામાં આપણી જાતને સમર્પી દઈશું ત્યારે આપણું શ્રેય ને પ્રેય, આપણું હિત અને અહિત તેના હાથોમાં જઈ પડે છે. આપણે સમ્પૂર્ણ શ્રદ્ધા અને નિષ્કામ ભાવે માતાજીના સ્મરણ–મનન–ચિંતનમાં મગ્ન રહેવાનું છે. જેમ જેમ માતાજી પ્રત્યે એકાગ્રતા વધતી જશે તેમ તેમ આપણને માતાજીના પ્રેમનો, કૃપાનો, વહાલનો, વાત્સલ્યનો એક યા અન્ય રીતે અનુભવ થતો જશે.

આપણે જ્યારે માતાજીને શરણે જઈએ છીએ, શિશુભાવ કેળવીએ છીએ ત્યારે આપણે કશું માગવાનું રહેતું નથી. માગવું જોઈએ પણ નહિ. એ એક આધ્યાત્મિક શિરસ્તની વાત છે.

આપણા વ્યવહારજગતમાં પણ બાળક જે માગે તે આપણે એને આપી દેતા નથી. અને બાળક જ્યારે પોતાની માગણી ચાલુ જ રાખે છે ત્યારે તો હરગિઝ નહિ. કારણ આપણે જાણીએ છીએ કે, બાળક જે માગે છે તે તેને આપી શકાય તેમ છે કે નહિ અને ક્યારેક જ આપણે બાળક માગે તે તરત આપી દઈએ છીએ.



Scanned by CamScanner

તો વેદજનનીને પણ આપણા હિતની–આપણા શ્રેયની ખબર છે. આપણી માગણી આપણી દૃષ્ટિએ યોગ્ય છે – માતાજીનો સંકેત કે મરજી કંઈક જુદાં જ હોય છે.

ઉપાસના કરતાં સારાસારનો–ઉચિત–અનુચિતનો વિવેક, વિનમ્રતા પણ જરૂરી છે. માતાજી પાસે અતિ વિનમ્ર બનીને જવાની જરૂર છે. આપણે જ્યારે માતાજીનાં–ગુરુનાં ચરણોમાં મસ્તક ઢાળીએ છીએ એનો અર્થ જ એ કે, આપણું સર્વસ્વ તેને સોંપીને, આપણે આપણું અસામર્થ્ય આપોઆપ જ સ્વીકારી લઈએ છીએ. બલ્કે જાહેર કરીએ છીએ.

આપણા પામર જીવોમાં કોઈ જ સામર્થ્ય નથી. સર્વશક્તિમાન તો કેવળ માતાજી જ છે. તેમની મરજી વિના, શક્તિ વિના, કૃપા વિના આપણે કંઈ જ હાંસલ કરી શકીએ તેમ નથી.

આપણે જે સ્થિતિમાં મુકાયાં છીએ, તેમાં માને પ્રાર્થના કરી, તેનું સ્મરણ કરી જીવવું, સ્વસ્થ, આનંદિત અને પ્રફુલ્લિત રહેવું, નિજાનંદની મસ્તીમાં સતત મસ્ત રહેવાનો પ્રયત્ન કરવો. એ જ સાચી શરણાગતિ છે. નિજાનન્દની એ જ મસ્તી માતાજીનો પ્રેમ, વહાલ કે વાત્સલ્ય, કૃપા અને કરુણા સંપાદન કરાવશે.

વ્યવહારજગતમાં પણ આપણે જોઈએ છીએ, અનુભવીએ છીએ કે પોતાની બાળસહજ રમતમાં, મસ્તીમાં મસ્ત બનીને રહેતા બાળક માટે આપણને સ્વાભાવિક ને સહજપણે જ વહાલ ઉભરાય છે.

આપણે સૌ આધ્યાત્મિક જગતનાં બાળકો છીએ. આપણને આધ્યાત્મિક–ઉપાસનાકીય આચાર વિચારને આશ્રયે જ માનો–પરમકૃપાળુ પરમાત્માનો ખોળો ખૂંદવાનો છે.

પછી શરણાગતિની સાથે જ શિશુભાવ અન્તરમાંથી આપોઆપ જ ઉદ્ભવ્યા કરશે.

**પ્રશ્ન :** ભક્તિ કરવા માટે શેનો આધાર લેવો જોઈએ કે લઈ શકાય ?

**ઉત્તર :** ભક્તિ એ માનવીના હૃદયમાં પરમાત્મા માટે, માતાજી માટે જાગેલો એક ભાવોદ્રેક છે. એ ભાવના વિસ્તરણની કોઈ મર્યાદા નથી હોતી. ભક્તિ માનવીના હૃદયમાં સહજ અને સરળ ભાવે જ ઉદ્ભવે છે.

પણ જ્યારે એની શરૂઆત થાય છે કે તેનો પ્રારમ્ભ કરવાનો હોય છે ત્યારે પણ એવા જ ઉત્કટ ભાવની આવશ્યકતા રહે છે. ભાવ વિના ભક્તિ ઉદ્ભવતી જ નથી એટલું જ નહિ, ભક્તિનો વિચાર માત્ર પણ ઉદ્ભવતો નથી. એટલે આ ભાવ ઉદ્ભવતાંની સાથે જ આરાધ્ય ઇષ્ટ તત્ત્વમાં શ્રદ્ધા અને શરણાગતિ જાગે છે અને ભાવના આલમ્બન હેઠળ જ ભક્તિનો વ્યાપાર આરમ્ભાય છે.

આપણુ અન્તરની કોરી સ્લેટ પર ભાવોને ઘૂંટતા જઈશું તો આપણી ભક્તિ દૃઢ બનતી જશે.

સામાન્ય જન કે ઉપાસક માટે શ્રદ્ધા અને શરણાગતિ, સમર્પણ અને શિશુભાવનો જ આધાર ભક્તિ માટે એક અને આખરી આધાર છે. પણ એની બલિહારી એ છે કે અંતરના ઊંડી ખેવના હશે તો એ આધાર સ્વયમ્ આપણને આવી મળે છે.

**પ્રશ્ન :** ઉપાસના માટે એકાંતને આપ અનિવાર્ય અને આવશ્યક માનો છો ?

**ઉત્તર :** એકાંત જગ્યા મનને સ્થિર કરવા અને ચિત્તને એકાગ્ર કરવા જરૂરી છે. આથી આપણે આપણું પૂજાનું સ્થળ જ એવું પસન્દ કરવું જોઈએ કે જ્યાં આપોઆપ એકાંત આવી મળે.

આપણા ઘરમાં આપણી સગવડ ખાતર સૂવા, બેસવા, જમવાની, રસોઈની જુદી જુદી જગ્યાનું આયોજન કરીએ છીએ. આપણે માતાજીની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી છે, તેઓ આપણી સાથે જ



Scanned by CamScanner

છે. આપણે તેમનાં બાળકો છીએ તેથી તેમના નિવાસ માટે આપણે એક અલગ-સ્વચ્છ ઓરડો ફાળવીએ તે ઉચિત છે. એટલે એ અલગ ઓરડામાં આપોઆપ એકાંત આવી મળે છે.

પરન્તુ મોટે ભાગે આપણને રહેઠાણની જગ્યાની સમસ્યા નડતી હોય છે. કેટલાકને માંડ એકાદ-બે રૂમ વગેરે રહેવા માટે મળે છે. તેઓને સ્વાભાવિક જ અત્રે પ્રશ્ન ઉપસ્થિત થશે કે અમારી જગ્યા તો ખૂબ નાની છે. અમે એ રીતે એકાંત જગ્યા કે ઓરડો ફાળવી શકીએ તેમ જ નથી. તો તેવાઓને પણ સૂચન છે કે એકાદ ખૂણામાં માતાજીની સ્થાપના કરી શકાય. તે પણ શક્ય ન બને તો ઉપાસનામાં બેસીએ એટલી વાર માતાજીના સ્થાન માટે પવિત્ર જગ્યા નક્કી કરી શકીએ. આ ભૌતિક-સ્થૂળ એકાન્તની વાત થઈ.

ઉપાસના માટે એકાંત મેળવવાનો આપણે પ્રયત્ન કરવાનો છે. પ્રાતઃકાળના ચારથી સાતના.સમય દરમ્યાન આપણને આહ્લાદક એકાંત પ્રાપ્ત થાય છે.

આ એકાંત તો ઉપરછલ્લું છે. મનુષ્યે-ઉપાસકે અંદરથી એકાંત મેળવવાનું છે. એ જ ખાસ જરૂરી છે. આપણે મનને સ્થિર અને ચિત્તને એકાગ્ર કર્યું હશે તો એકાંત આપણી સાથે જ છે. હજારોની વચમાં પણ આપણે એકાંતનો આહ્લાદ-મજા માણી શકીશું. જો આપણું મન જ અસ્વસ્થ ને અસ્થિર હશે, અહીં તહીં ભમતું હશે તો આપણે એકલા-એકાંત હોવા છતાં અંદરના કોલાહલથી, અંદરની અશાંતિથી આપણે ત્રાસી જઈશું અને આપણે એકાગ્રતાથી ધ્યાન કે જપ કરી શકીશું નહિ.

મારા વ્યક્તિગત અભિપ્રાય મુજબ લગભગ મોટા ભાગના મનુષ્યોને ઉપાસના તરફ વળવું છે. તેમની તે પ્રબળ ઇચ્છા છે પણ તે અંગે પુરુષાર્થ કરવામાં પાછા પડે છે. એ પુરુષાર્થમાં બીજું કંઈ નથી કરવાનું. મેં કહ્યું છે તે મુજબ ત્રિપદા ગાયત્રી મહામંત્ર : ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ **તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥** ની ત્રણ માળા દરરોજ કરવાનો નિત્ય ક્રમ રાખવાનો છે. માતાજીની અથવા પોતાના ઈષ્ટની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારવાની છે. આપણા મનને અને ચિત્તને માતાજીના-ઈષ્ટના સાત્ત્વિક અને પવિત્ર વિચારોથી ભરી દેવાનું છે. આવા વિચારોથી મન અને ચિત્ત તેનામાં આપોઆપ પરોવાઈ જાય છે. તેનામાં લીન બની જઈ શકાય છે. આપણી આ તલ્લીનતા ઈષ્ટ સાથે-માતાજી સાથે અદ્વૈત સાધી આપવામાં-આત્માનુસન્ધાન સાધી આપવામાં ઉપકારક નિવડી શકે છે.

ઈષ્ટની-માતાજીની ઉપાસના માટેની લગની આપણને એકાગ્ર બનાવે છે અને અંદરનું એકાંત આપણે માટે આપોઆપ સર્જાય છે. આપણા સહુનો કદાચ અનુભવ હશે કે ઑફિસમાં આપણે અનેકની વચ્ચે બેસીને કામ કરીએ છીએ. આપણું સમગ્ર ધ્યાન કાર્યમાં જ હોય છે. આજુબાજુની અવરજવર-કોલાહલ આપણને આપણા કાર્યમાં સહેજ પણ વિક્ષેપકારક નિવડતાં નથી.

આથી ઉપાસનામાં આપણે એવી લગની લગાડીએ-જગાડીએ કે જે આપણને તલ્લીન-તદ્રુપ-તદાકાર બનાવી દે અને આપણે માટે અંદરથી એકાંત નિર્માણ કરી આપે. આ અંદરનું એકાંત મારે મતે અનિવાર્ય અને આવશ્યક છે.

**પ્રશ્ન :** શું બન્ધ આંખોએ જ જપ કરવા જોઈએ ? આંખો બન્ધ કરી દઈએ તો માતાજીનાં દર્શન કેવી રીતે થાય ?

**ઉત્તર :** બન્ધ આંખોએ જ જપ કરવા જરૂરી છે. પ્રારમ્ભિક તબક્કે આંખો બન્ધ કરવાની કે રાખવાની કદાચ મુશ્કેલી પડે તો તે વેળા નજરને આજુબાજુ ક્યાંય દોડવા દીધા વિના પોતાના ઈષ્ટની



Scanned by CamScanner

કે માતાજીની છબી કે મૂર્તિમાં જ સ્થિર કરવી. વારંવાર આવો પ્રયત્ન કરવાથી એક ક્ષણ–એક તબક્કો એવો આવશે કે, આંખો આપોઆપ બન્ધ થઈ જશે.

આંખો બન્ધ કરવાથી કે રાખવાથી આપણે આજુબાજુની કોઈ જ ક્રિયા–પ્રક્રિયા, અવરજવર કે દશ્યોને જોઈ શકતાં નથી. આપણને આગળપાછળની કશી જ ખબર પડતી નથી. આપણે આસપાસનું કંઈ જોઈ નથી શકતાં તેથી આપણા વિચારો પણ ક્રમશઃ નિયંત્રણમાં આવી જાય છે. આથી મન સ્થિર અને ચિત્ત એકાગ્ર બને છે, અને તે જપના શબ્દ, અર્થ, લય અને સ્વરૂપમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે.

બન્ધ આંખોએ પણ માતાજીનાં દર્શન થાય છે. કારણ કે ઉપર દર્શાવ્યું તેમ મન અને ચિત્તની સ્થિરતા અને એકાગ્રતાથી આપણી સઘળી વૃત્તિઓ–પ્રવૃત્તિઓ, આપણા અસ્તિત્વના સઘળાં જ સંચલનો અન્તર્મુખી બને છે. આ અન્તર્મુખતા આપણને ધ્યાનમાં લીન બનાવે છે અને ધ્યાનની એ જ લીનતામાં આપણને માતાજીના–આપણા ઈષ્ટનાં દર્શન થાય છે–અવશ્ય થાય છે. પરમાત્મા આપણી અંદર બિરાજમાન છે. આપણે એને અંદર જ શોધવાનો છે. અંદરના પરમાત્માને શોધવા માટે આપણે અન્તર્મુખ થવું જરૂરી છે, અને અન્તર્મુખ બનવા માટે આંખોની જેમ આપણી સઘળી ય ઈન્દ્રિયોને માતાજીના સ્વરૂપમાં સ્થિર અને એકાગ્ર કરવી જરૂરી છે.

પરન્તુ આ કેવળ એક પ્રયત્ન જ છે, અને સવાલ એ ઉદ્‌ભવે છે કે આંખો બન્ધ કરવાથી શું અંદરનો કોલાહલ બન્ધ થાય છે ખરો? સમ્પૂર્ણ વિચારવિહીન બનીને એકાગ્ર થઈને આપણું ચિત્ત કેવળ જપ અને ઇષ્ટના કે માતાજીના સ્વરૂપમાં જ લીન થાય છે? તો તેનો જવાબ ચોકખી 'ના'માં આવે છે. આવી સ્થિતિ તો પૂર્વનાં સંચિત કર્મો અને વર્ષોપર્યન્તની નિષ્ઠાપૂર્વકની ઉપાસના કરવાથી જ સિદ્ધ કરી શકાય છે. તેમાં પણ શ્રદ્ધા, શરણાગતિ, સમર્પણ, શિશુભાવ, લગની અને ઉત્કટ પ્રેમ જ ઉપકારક નિવડી શકે છે. અન્યથા એ એક સ્થૂળ ક્રિયા જ બની રહે છે.

આપણી આંખ એક ઇન્દ્રિય છે. શરીરનું એક અંગ છે. તે જોવાનું કાર્ય કરે છે પણ કેવળ આ ઇન્દ્રિય–શરીરનું આ અંગ પરમતત્ત્વનાં–માતાજીનાં દર્શન કરવા ઉપકારક ન નિવડી શકે. તે માટે દિવ્ય દૃષ્ટિની જરૂર છે. અંતરચક્ષુને ઉઘાડવાની જરૂર છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જ છે કે, 'હું તને દિવ્યચક્ષુ આપું છું.' તો આમ ભગવાનનાં દર્શન માટે ભગવાન સ્વયં દિવ્ય દૃષ્ટિ ભક્તને આપે છે. તો ભગવાનની–માતાજીની પ્રાપ્ત કરેલી કૃપા વડે જ તેમનાં દર્શન કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન :** આપણું ચિત્ત એકાગ્ર થયું છે તેમ ક્યારે કહી શકાય?

**ઉત્તર :** જપ કે સ્મરણ કરતાં આપણે સ્થળ અને સમયને વિસરી જઈએ, આગળ–પાછળનો કશો જ ખ્યાલ ન રહે, અંદરથી કેવળ આનન્દ અને શાંતિનો અનુભવ થાય, પ્રકાશની વિવિધ આભાઓ દેખાય, પ્રકાશપુંજ દેખાય, અંદર થઈ ગયાં હોઈએ તેમ લાગે, ત્યારે જ ચિત્ત એકાગ્ર થઈ રહ્યું છે તેમ કહી શકાય.

પણ અહીં એનું પૂર્ણવિરામ નથી આવી જતું. ચિત્ત એકાગ્ર થવું ખૂબ જ દુષ્કર છે. ઋષિ–મુનિઓ–સિદ્ધપુરુષોને પણ તે અંગે મુશ્કેલી પડી છે. તો સામાન્ય ઉપાસકનું શું ગજું? તેથી શ્રદ્ધા, શરણાગતિ, સમર્પણ, શિશુભાવ, લગની અને ઉત્કટ પ્રેમથી માતાજીની આરાધના કર્યે જવામાં જ શ્રેય છે.

□



Scanned by CamScanner

## સાતમી સપ્ટે.નો સન્દેશ :

## સ્વયં કનક બનીએ

પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીનો જન્મદિવસ સાતમી સપ્ટેમ્બર કોઈ અનેરા મહોત્સવ જેવો બની રહે છે. ગુરુદેવે જેમની આજીવન ઉપાસના કરી છે તે વેદજનની ૧૯૭૬થી પ્રતિવર્ષ સાક્ષાત્કાર કરાવે છે. આમ તો ગુરુદેવને ઈ. સ. ૧૯૫૫માં પ્રથમ સાક્ષાત્કાર થયો હતો.

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પૂ. ગુરુદેવનો જન્મદિવસ તા. સાતમી સપ્ટેમ્બરે ઉજવાયો હતો. તે વેળાનું–તે દિવસનું સમગ્ર વાતાવરણ અલૌકિક, આહ્‌લાદ ને ઉલ્લાસમય બની ગયું હતું.

પૂ. ગુરુદેવના બંગલાના કમ્પાઉન્ડના પાછળના ભાગમાં સૂકા ઘાસની એક અલગ ઝૂંપડી–કૂટીર બનાવવામાં આવી હતી. એ ઝૂંપડીમાં એક સોફા પર પૂ. ગુરુદેવ બિરાજમાન હતા. શ્વેત કફની અને શ્વેત ધોતિયાનાં પરિધાન કરેલ સાદાં વસ્ત્રોમાં ગુરુદેવ નિજના તપનાં તેજથી ઓપી રહ્યા હતા. તેમની બાજુમાં જ પૂ. મમ્મી ( ગુરુદેવનાં પત્ની ) અને કૈલાસબહેન બેઠાં હતાં. તેઓ સૌને ઉમળકાભેર આવકાર આપી રહ્યાં હતાં. પ્રત્યેક આગન્તુકના હૃદયની શુભેચ્છા–પ્રેમ ગુરુદેવ ઝીલી લેતા હતા. પ્રત્યેક આગન્તુક પર તેમની અમીમય દૃષ્ટિ ફરતી હતી. સૌ આવીને પુષ્પથી ગુરુદેવનું અભિવાદન–અભિનન્દન કરતા હતા. પૂ. ગુરુદેવનાં દર્શને આવનાર સૌ માટે પ્રસાદના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુદેવનાં દર્શન સૌને સરળતાથી થઈ શકે તે માટે સૌએ કતારમાં ઊભા રહેવાનું હતું. પ્રસાદના આયોજનની વ્યવસ્થા પણ ખૂબ જ સરસ રીતે થઇ હતી. દરેક કાર્ય સરળતાથી પાર પડતું હતું. અસંખ્ય ભાઈ–બહેનો એ સઘળી વ્યવસ્થાના કાર્યમાં રોકાયેલાં હતાં.

બહેનો મંત્રજપ કરતી, ભજનો ગાતી, 'ૐ ગાયત્રી શરણં મમ'ની ધૂન મચાવતી પુરીઓ બનાવતી હતી. સાત્ત્વિક, પવિત્ર અને આહ્‌લાદમય વાતાવરણનો અનુભવ થતો હતો. સવારથી રાત સુધી માનવમહેરામણ સતત ઊભરાતો રહેતો હતો. સર્વનાં મુખ પર આનંદ ને ઉલ્લાસ વર્તાતો હતો.

આસોપાલવનાં તોરણો અને અવનવા રંગોના પ્લાસ્ટીકના વિભિન્ન આકારનાં ઝુમ્મરોથી તેમ જ પુષ્પોથી કૂટીર અને પૂ. ગુરુદેવનો હિંચકો ઓપતાં હતાં.

બપોરની અડધા કલાકના વિશ્રાન્તિ બાદ કૂટીર પાછી ખીચોખીચ ભરાઈ ગઈ ને સૌ હારબંધ ઊભા રહી ગુરુદેવનાં દર્શને જવા લાગ્યાં.

સાંજ ઢળી ગઈ. પાંચ–સાડા પાંચના સુમારે પૂ. ગુરુદેવ તેમની વાંસની કૂટીરમાંના તેમના ઝૂલા પર બિરાજમાન થયા. ગુરુદેવે સફેદ કફની ને લાલ અબોટિયું પરિધાન કર્યાં હતાં. સફેદ ઝૂલો પ્લાસ્ટીકનાં રંગીન ફૂલો–ઝુમ્મરો અને આછા મોરપિચ્છ રંગની મખમલની ચાદરથી ઓપી રહ્યો હતો. પૂ. ગુરુદેવે કૂટીરમાં પધારીને ત્રણ દીપવાળી એક દીવી પ્રગટાવી હતી. અને એ જ્યોતમાંથી બીજા પંચાવન દીપો પ્રગટાવી ભાઈ–બહેનોએ ગુરુ–સ્તુતિ કરી આરતી ઊતારી હતી. કારણ ગુરુદેવનો તે પંચાવનમો જન્મદિવસ હતો. મસ્તકે ચઢેલા મરુન રંગના કેરી આકારના મુગટ અને એવા જ રંગના હારમાં પૂ. ગુરુદેવ ઓપી રહ્યા હતા. મુંબઈના એક ભક્ત પ્રતિવર્ષ અવનવા કલાત્મક મુગટ, હાર અને આરતી પોતાની જાતે, પોતાના ખ્યાલથી બનાવી લાવે છે. પ્રતિવર્ષ એક નવી જ કલ્પના, નવી જ



Scanned by CamScanner

ભાત અને અવનવા રંગોથી તેને સુશોભિત બનાવી હૃદયના નિજી ભાવો ને લાગણીઓને માતાજી ને ગુરુદેવ સમક્ષ વ્યક્ત કરે છે.

આરતી પછી પ્રસંગને અનુરૂપ માના મીઠા વાત્સલ્યને વ્યક્ત કરતાં કાવ્યો રજૂ થયાં હતાં. પૂ. ગુરુદેવને માતાજીના થયેલા સાક્ષાત્કારના પ્રસંગમાંથી, ગુરુદેવના માતાજી પ્રત્યેના બાળભાવ, તેમની ભક્તિ, ઉપાસના, આધ્યાત્મિક અભિગમ ને ઉત્તુંગતાના તત્ત્વજ્ઞાનને પોતપોતાની વિશદતા પ્રમાણે, સમજણ પ્રમાણે વ્યક્ત કરતાં જુદા જુદા ભક્તોએ પોતપોતાનાં વક્તવ્યોમાં જણાવ્યું કે પૂ. ગુરુદેવની ઉપાસના, ભક્તિ, શ્રદ્ધા અને શરણાગતિ એટલાં પ્રબળ ને પ્રખર છે કે સાક્ષાત્કારની પરંપરા સતત જળવાઈ રહી છે. આ વર્ષનો સાક્ષાત્કાર પૂ. ગુરુદેવની આધ્યાત્મિક ઉચ્ચતા–ઉત્તુંગતાને વ્યક્ત કરી આપે છે. પૂ. ગુરુદેવના સાક્ષાત્કારનો પ્રસંગ આ અંકમાં રજૂ કરેલો જ છે એટલે એના વર્ણનમાં અત્યારે ઊતરવાનો અવકાશ નથી. વક્તાઓએ એમાંથી આધ્યાત્મિક રહસ્ય શોધી કાઢીને જણાવ્યું હતું કે, ગુરુદેવ માતાજીની સમકક્ષ છે. માતાજીએ તેમનામાં અખૂટ અને અસીમ શક્તિઓનું સિંચન કરીને પોતાની સમકક્ષ બનાવ્યા ને બેસાડ્યા છે. માતાજી અને ગુરુદેવ ખભેખભા મિલાવીને લોકસેવાનું, ઉપાસનાના નિદર્શનનું કાર્ય કરવાના છે. અલબત્ત આજદિનપર્યન્ત પણ માતાજીની પ્રેરણા, ઈચ્છા, સંકેત અનુસાર જ ગુરુદેવ કાર્ય કરી રહ્યા છે પરન્તુ લાગે છે કે હવે ગુરુદેવ સાથે માતાજીની પ્રત્યક્ષતા વિશેષરૂપે રહેશે.

પૂ ગુરુદેવ આધ્યાત્મિકતાની પૂર્ણ કક્ષાએ પહોંચી ચૂકેલા સન્ત છે. પતંજલિના યોગદર્શનમાં એ વાતો રજૂ કરી છે. સાધકને જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે તેનો સમ્પૂર્ણપણે મનોલય થાય છે. મનોલયની આ દશામાં તેમને આગળ પાછળનો કશો જ ખ્યાલ નથી રહેતો. એમાં ચેતનાનો સમ્પૂર્ણ લોપ થઈ જાય છે ને એ દશામાંથી બહાર આવ્યા પછી, સ્વસ્થ થયા પછી સાક્ષાત્કારની એ વેળાની વિગતોને યાદ કરવી પડે છે. બીજી વાત એ છે કે સાધક સાક્ષાત્કારની વેળાએ પોતાની બધી જ ઇન્દ્રિયો–ચેતનાની સંપૂર્ણ સભાનતા સાથે, પૂરેપૂરી જાગ્રત–સ્વસ્થ અવસ્થામાં ઈશ્વરનાં દર્શન કરે છે. એને નિર્વિકલ્પ દશા કહેવાય છે ને એ દશા પૂર્ણ ને આખરી છે. પૂ. ગુરુદેવ આ નિર્વિકલ્પ દશા–અવસ્થા સુધી પહોંચી ચૂક્યા છે જે તેમની આધ્યાત્મિકતાની આખરી–પરિપૂર્ણ અવસ્થા છે, સિદ્ધિ છે.

—તો આ બધું સિદ્ધ કરવાનું પામવાનું આપણા પામર જીવો માટે ખૂબ જ દુષ્કર છે. આપણે સૌ માતાજીનાં દર્શનની માગણી કરીએ છીએ, પણ એ માટે પાત્રતા જોઈએ. આપણે એવી પાત્રતા કેળવવાની ને પ્રાપ્ત કરવાની છે. એ માટે ગુરુદેવ આપણામાં ક્ષમતા–સામર્થ્ય પ્રેરે એ જ આ વેળાની પ્રાર્થના અને માગણી હોઈ શકે.

પૂ. ગુરુદેવ મિતભાષી છે – બહુ જ ઓછું બોલે છે તે આપણે સૌ જાણીએ છીએ. એક સરસ સ્મિત, પ્રેમાળ, આત્મીય અને કરુણાસભર દૃષ્ટિપાત, આશિષની મુદ્રામાં ઊંચકાતો હાથ અને જરૂર પડે બે–ચાર શબ્દો કે એકાદ–બે વાક્યોમાં માર્ગદર્શન આપતા કે વક્તવ્ય–મન્તવ્ય વ્યક્ત કરતા ગુરુદેવના અન્તરમાંથી વક્તાઓનાં વક્તવ્યો પછી કોઈક અગમ્ય ભાવોદ્રેક ઉમટ્યો. પોતાની સમક્ષ બેઠેલા વિશાળ માનવ સમૂહના પ્રેમની વર્ષામાં ભીંજાઈને જનસમૂહના પ્રેમનો પ્રત્યુત્તર વાળવા, કોઈક અગોચર–પ્રેરણાથી કે સંકેતથી નિજની ઉપાસનાના મૂળભૂત રહસ્યને–અભિગમને–પ્રેમોર્મિને વ્યક્ત કરવા તે દિવસે ગુરુદેવ બે શબ્દો કહેવા તત્પર થયા ત્યારે તેમના સ્વાનુભવની વાણીનો આસ્વાદ માણવા ઉપસ્થિત સૌનાં અન્તર આતુર થઈ ઝણઝણી ઊઠ્યાં.

પૂ. ગુરુદેવે ઉપસ્થિત સૌને 'ગાયત્રી માતાનાં વહાલાં બાળકો'થી ઉદ્બોધન કરી જણાવ્યું કે હું જે કંઈ છું, જ્યાં છું અને મારે માટે અહીં જે કંઈ કહેવાયું તેનો સઘળો યશ માતાજીને ફાળે જાય છે. મારું



Scanned by CamScanner

સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું સંચાલન માતાજીના હાથમાં જ છે. હું તેમનો બાળક જ છું. મારા જીવન દરમ્યાન મેં અનેકાનેક સંઘર્ષો વેઠયા છે ને એમાં હું કેવળ માતાજીની શક્તિથી જ ટકી રહ્યો. માતાજીએ જ મને ટકાવી નાખ્યો. માતાજીએ મને ખૂબ તાવ્યો છે, ખૂબ તાવ્યો છે. એ કસોટીમાં ટકી રહેવું ખૂબ જ દુષ્કર હતું. મારી જગ્યાએ બીજો કોઈ હોત તો મુઠ્ઠી વાળીને નાસી ગયો હોત.

જનસમૂહની માતાજીનાં દર્શનની માગણી અને માતાજી સાથે થયેલા વાર્તાલાપ અંગે જણાવતાં ગુરુદેવે કહ્યું કે, માતાજીની ઇચ્છાથી, પ્રેરણાથી, શક્તિથી શક્ય તેટલો અનુભવ તો દરેકને વત્તેઓછે અંશે થાય જ છે પરન્તુ મને મારાં લિમિટેશન્સ-મર્યાદા છે. હું તો એક માત્ર સૈનિક છું. માતાજી મારાં સેનાપતિ છે. સેનાપતિનો હુકમ થાય તેટલું જ કામ સૈનિકથી થઈ શકે. એથી વિશેષ નહિ. અને હું માતાજીનો સૈનિક બનું, માતાજી મારાં સેનાપતિ બની રહે અને તેમની આજ્ઞા અનુસાર જ હું કાર્ય કરી રહું તેમ ઇચ્છું છું.

એક વખત માતાજી જ્યારે પધાર્યાં ત્યારે તેમની વાતોને, તેમના અવાજને ટેપ કરી લેવા માટે મેં ટેપરેકોર્ડર મૂકેલું. માતાજી જ્યારે પધાર્યાં અને ટેપ જોઈ તેમણે એવી ઊંચી નજર કરી કે ટેપ તેની મેળે આપોઆપ જ બંધ થઈ ગયું! પછી મેં કદી એવી હિંમત નથી કરી.

માતાજી સાથે થયેલો વાર્તાલાપ તો મારાથી અહીં ન જ કહેવાય, પણ મારી વ્યક્તિગત મુલાકાત દરમ્યાન એ અંગે માર્ગદર્શન અને શક્તિ દરેકને પ્રાપ્ત થતાં રહેશે. એક વાત કહીશ કે, ૫ મીની રાતે માતાજી પધાર્યાં ત્યારે માતાજીએ મને વાતાવાતમાં 'નરેન્દ્ર' 'નરેન્દ્ર' કહીને સંબોધ્યો. ત્યાં સુધી તો મારે માટે એ આનન્દજનક હતું કારણ હું તેમનો બાળક છું ને મને 'નરેન્દ્ર' કહી બોલાવે તે ઉચિત જ છે, પણ પછી તરત જ વાતવાતમાં માતાજી મને 'શાસ્ત્રીજી' કહેવા લાગ્યાં. મેં માતાજીને કહ્યું, આપનાથી મને 'શાસ્ત્રીજી' ન કહેવાય. હું તો આપનો બાળક છું. આમ કહેતાંની સાથે જ માતાજી ખડખડાટ હસી પડયાં ને મારી એ વાત ઉડાવી દીધી! મને એનો જવાબ ન આપ્યો...

આપ સૌ શ્રદ્ધા અને શરણાગતિ રાખશો અને આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવા સતત પુરુષાર્થ કરશો તો આપને ચોક્કસ માતાજીનાં દર્શન થશે.'

પૂ. ગુરુદેવના વક્તવ્ય પછી બંગલાના ચોગાનમાં સૌ ભાઈ-બહેનોએ ગરબાની રમઝટ મચાવી હતી. પૂ. ગુરુદેવ પણ ગરબે રમવા પધાર્યા હતા ત્યારે તેમનામાં કૃષ્ણના સ્વરૂપની આભાનાં વિવિધ રૂપે દર્શન થયાં હતાં, તેઓ ગરબામાં ફરી રહ્યા હતા ત્યારે અમીછાંટણાં થયાં હતાં અને પૂ. ગુરુદેવે અન્તરિક્ષમાં ગરબાની રમઝટ નિહાળતાં માતાજીને સ્વયં નિહાળ્યાં હતાં. ગુરુદેવે ગરબામાં ફરતાં ફરતાં એ તરફ કેવળ અંગુલિનિર્દેશ પણ કર્યો હતો, જેથી ભક્તો માતાજીનાં દર્શન કરી શકે, પણ કોઈ તે અંગુલિનિર્દેશનો ભેદ પામી શકયું નહિ!

ઈશ્વર તો સર્વત્ર, સર્વવ્યાપક હાજરાહજૂર, છે. તે આપણી સામે ને સાથે જ છે પણ તેમને ઓળખવાની આપણામાં શક્તિ હોવી જોઈએ જે નથી. આપણે એ શક્તિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ જ આદરવો રહ્યો.

સિંહણના દૂધને ઝીલવા કનકપાત્રની આવશ્યકતા રહે છે તેમ માતાજીનાં-ઈશ્વરનાં દર્શન કરવા સ્વયં કનક બનવું જ પડશે એમ લાગે છે. ઈશ્વરનો સાક્ષાત્કાર ધારીએ તેટલો સહેલો, સરળ ને સુલભ નથી.

આપણે સૌ આજથી જ આપણા અન્તરના અરીસાને નિર્મળ બનાવવાનો પ્રયત્ન આદરવાનો આરંભ કરીએ.

આલેખન : કુ. પૂર્ણિમા ભગતજી

□



Scanned by CamScanner

# આત્મગુંજન - ૧૦

ડૉ. કાન્તિલાલ કાલાણી

આધ્યાત્મિક માર્ગે જવા શું શું જરૂરી? સંપૂર્ણ નિષ્ઠા, અવિરત પુરુષાર્થ, અનુભવી વ્યક્તિ-
એનું માર્ગદર્શન, સૂઝ અને જાગ્રતિ, વાસના અને ભ્રમણામાંથી મુક્તિ, શ્રદ્ધા.

આપણામાં ભેદદૃષ્ટિ ક્યાં સુધી રહેવાની? બુદ્ધિ અને વિચારની હાજરી છે ત્યાં સુધી. બુદ્ધિનું કાર્ય તુલના કરવાનું છે, વિચારનું કાર્ય જોખવા-માપવાનું છે. આ બન્નેની હાજરી ભેદદૃષ્ટિ નિર્માણ કરે છે.

અમર્યાદિત આપણને મર્યાદિત કેમ લાગે? આપણે મર્યાદિત ઇન્દ્રિયો વડે અમર્યાદિતને જોઈએ છીએ એટલે, એક કાણામાંથી આકાશ જોઈએ તો કેટલું મોટું દેખાય? આકાશ તો અમર્યાદિત છે. ઘરની બહાર આવીને જોઈએ તો એની વિશાળતાનો ખ્યાલ આવે. ઇન્દ્રિયો મર્યાદિત છે. એ બધું મર્યાદામાં જ જોઈ શકે છે.

જ્ઞાનના અધિકારી થવામાં શું આડે આવે છે? બુદ્ધિની મંદતા, મિથ્યાજ્ઞાનનો દુરાગ્રહ, કુતર્ક અને વિષયાસક્તિ.

સહિષ્ણુતા જાળવવા શું ધ્યાનમાં રાખવું? દરેક મનુષ્યમાં પરિસ્થિતિને જોવા-સમજવાની મર્યાદાઓ હોય છે. એ બાબત સતત ધ્યાનમાં રાખીશું તો સામી વ્યક્તિના દૃષ્ટિબિન્દુને સમજવામાં સરળતા પડે છે.

આપણી જેમ મર્યાદાઓ છે તેમ અન્યની પણ હોઈ શકે એટલો ખ્યાલ રહેશે તો વધુ સહિષ્ણુ બની શકીશું.

સમય સમયનું કામ કરે છે. મનુષ્ય ક્યારેક લાચાર કે પરાધીન થઈ પરિસ્થિતિને વશ થતો હોય છે તો ક્યારેક અજ્ઞાન અથવા અણસમજને કારણે ભૂલ કરી બેસતો હોય છે, એ બાબત ધ્યાનમાં રહે તો સહિષ્ણુતા કેળવાય.

એકની એક પરિસ્થિતિને ભિન્ન ભિન્ન બુદ્ધિમત્તા ધરાવતા લોકો જુદા જુદા દૃષ્ટિકોણથી જોઈ શકે. એમાં આપણું જ દૃષ્ટિબિન્દુ સાચું એવો મતાગ્રહ ન રાખવો. વિવિધતા એ સત્યનો એક મહત્ત્વનો ગુણ છે. સહિષ્ણુ બનવું હોય તો વિવિધતાને અવકાશ આપવો.

શ્રદ્ધા કોને કહેવાય? શ્રદ્ધાને આત્માની આંખ કહી છે, જેના દ્વારા આંતર જગતને જાણવાની-સમજવાની શક્તિ પ્રગટ થાય છે.
: અંતરાત્માનો વિશ્વાસ
: આધ્યાત્મિક પ્રતીતિ.

ધર્મ શું છે? સત્યનું દર્શન અથવા સત્યનો અનુભવ.

લોભને કોણ શાંત કરી શકે? સંતોષ.

હિંસાનું શમન કરવાનો શ્રેષ્ઠ ઉપાય? પ્રેમ અને કરુણાસભર વ્યવહાર.



Scanned by CamScanner

મોહમાંથી કોણ બચાવી શકે ? વિવેક.

અહંકારના મૂળમાં શું છે ? હું છું અને મારું છે એવી માન્યતા, આત્મજ્ઞાનની ગેરહાજરી, જાગ્રતિનો અભાવ.

અહંકારને કોણ બુઠ્ઠો બનાવી શકે ? વિચાર અને નિરભિમાન.

મનને શક્તિ કોણ આપે છે ? આત્મનિર્ભરતા.

બંધનનાં મૂળ શેમાં છે ? આસક્તિમાં.

ખરેખર જાગ્રત કોને કહેવાય ? જે સદ્-અસદ્‌નો વિવેક કરી શકે તે.

બૂરાઈના પાયામાં શું છે ? લોભ, અણગમો, ભ્રમણા અથવા મોહ. મોહની હાજરી હોય છે ત્યારે મનુષ્ય લોભી બને છે અને તેને કોઈના તરફ બગાની જેમ અણગમો પણ થાય છે. મોહમાં એક પ્રકારની જડતા રહેલી છે, મૂર્ખતા રહેલી છે અને સમજણનો અભાવ વર્તાય છે.

દર્શન કોને કહેવાય ? ધર્મની પરમ અનુભૂતિ થાય તેને. ચિંતન, મનન, વિચાર અને તર્ક નહીં પણ અનુભૂતિ, સાક્ષાત્કાર એ દર્શન છે. દર્શનમાં આંતરચક્ષુ ખૂલે, દૃષ્ટિ નિરાવરણ થઈ જાય. અંતર-જ્યોતિ પૂર્ણપણે પ્રકાશી ઊઠે, ક્યાંય અંધારો ખૂણો ન રહે.

એકાંત કોને કહેવાય ? જ્યાં સાંસારિક વિચારનું અસ્તિત્વ રહેતું નથી. અન્યની હાજરી રહેતી નથી, માત્ર ચૈતન્ય જ એના પરિપૂર્ણ રૂપમાં હાજર હોય છે. નિરંતર આનંદની સ્થિતિ, પોતાની અંદર પાછા ફરવું, જેમાં પરાવલંબન ન હોય.

કોના પર વિશ્વાસ ન મૂકી શકાય ? અહંકાર ઉપર.

સંસારમાં રહીને બચવાનો ઉપાય ખરો ? હા, સંસારમાં રહેવું, પણ પોતાની અંદર સંસારને પ્રવેશવા ન દેવો એ જ શ્રેષ્ઠ યુક્તિ લાગે છે.

જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે ભેદ શું છે ? જ્ઞાની પરિપક્વ થયેલા શ્રીફળ જેવો છે અને અજ્ઞાની કાચા નાળિયેર જેવો. પાકા નાળિયેરની અંદર કાચલી અને કોપરાનો ગોટો અલગ પડી ગયેલા હોય છે, તેમ જ્ઞાનીની સમજમાં શરીર અને આત્મા ભિન્ન છે. જ્ઞાની શરીર અને આત્માને અલગ પાડીને જુએ છે, જીવે છે.

કાચા નાળિયેરમાં કાચલી સાથે કોપરું ચોંટેલું હોય છે. અજ્ઞાની મનુષ્ય શરીર અને આત્માને જોડાયેલાં માને છે.

જ્ઞાની મનુષ્ય શરીર અને આત્માનું તાદાત્મ્ય નથી કરતો જ્યારે અજ્ઞાની મનુષ્ય બન્ને વચ્ચે તાદાત્મ્ય સાધે છે.

ધ્યાન કોને કહેવું ? ચિત્તની વિચારશૂન્ય સ્થિતિને. કોઈ સંકલ્પો-વિકલ્પો ન રહે તેને. જેમાં જ્ઞાતા અને જ્ઞેય બેમાંથી એકેય ન રહે, જ્યાં દ્વન્દ્વ માત્ર શમી જાય, ચૈતન્ય તત્ત્વની જ માત્ર હાજરી રહે.



Scanned by CamScanner

# સ્વપ્નમાં દર્શન

કોઈ પણ સન્ત કે સિદ્ધપુરુષમાં પરમતત્ત્વની અનન્ત શક્તિનો આત્મિક આવિષ્કાર થયેલો હોય છે. પરમાત્માની એ અનન્ત શક્તિના આશ્રયે સન્તો જગતને—સંસારીઓ માટે માર્ગદર્શક હોય છે. તેઓ પોતાની આત્મિક શક્તિ વડે વ્યક્તિ, સ્થળ કે પદાર્થની પેલે પારનું રહસ્ય સમજી શકે છે, જાણી શકે છે, જોઈ શકે છે. એ રહસ્યનો તાગ પામી તેનો ઉકેલ દર્શાવે છે કે માર્ગદર્શન આપે છે. વ્યક્તિના ભાવજગતને પણ તેઓ—સન્તો સહજતાથી પામી અને માપી લે છે ને તદનુસાર વ્યક્તિની ભાવનાઓને સાકાર કરવા પરમ તત્ત્વની શક્તિ દ્વારા સહાયરૂપ બને છે.

આ હકીકત સત્ય સાબિત થતાં પહેલાં અથવા તેનો સ્વાનુભવ કરતાં પહેલાં શ્રદ્ધા અને શરણાગતિ, સમર્પણ ભાવ અને ભાવની તીવ્રતા અને ઉત્કટતા અનિવાર્ય બની રહે છે. માનવીના હૃદયમાં સર્જાતી આ ભાવોત્કટતા પોતાના શ્રદ્ધેય તત્ત્વ સુધી, પરમાત્મા સુધી, સન્ત સુધી પહોંચે છે અને માનવીની ભાવના સાકાર થાય છે.

લૌકિક વ્યવહારમાં આપણે કોઈવાર અનુભવ કરતાં હોઈશું કે જે કોઈ આપણા સ્નેહી—સ્વજનને—પરિચિતને ખૂબ યાદ કરતાં હોઈએ તે આપણી સામે આવી મળે છે અથવા તેનો કોઈ ને કોઈ રીતે ભેટો—મુલાકાત થઈ જાય છે કે પછી આપણો સંદેશો તેમના સુધી પહોંચાડવાની સરળતા થઈ પડે છે.

પરમાત્માને આધીન બનેલા સન્તોએ પોતાનામાં અનન્ત એવો પરમ પ્રેમ આત્મસાત્ કરેલો હોય છે. તેમના એ આત્મિક અને આત્મીય પ્રેમને વશ થઈ આપણે અવારનવાર તેમનાં દર્શન કરવા, તેમને મળવા આતુર થઈ ઊઠીએ છીએ. સમય અને કાળનાં બન્ધનોમાં જીવતા આપણે માટે તે હરહંમેશ શક્ય નથી બનતું પણ અગોચર પ્રદેશમાં વિહાર કરતા સન્તો માટે, તો એ શક્ય બને છે ને પરમતત્ત્વની સૂક્ષ્મ શક્તિ વડે તેઓ મિલનનો આહ્લાદક અને સુવાસમય અનુભવ કરાવે છે.

અત્રે આવા જ એક નાનકડા પ્રસંગનું વર્ણન કર્યું છે, જે રસપ્રદ નિવડશે.

વડોદરાથી હરજીવનદાસ લખી જણાવે છે કે, ગુરુદેવની અસીમ કૃપાથી ગાયત્રી માળા કરતાં કરતાં અનેક યાદગાર પ્રસંગો બને છે. તેમના શુભ આશિષ અને માની અસીમ કૃપાની ગાથાને વાગોળતા ખૂબ ખૂબ આનન્દિત થઈ ઝૂમી ઊઠીએ છીએ. અનેક અવનવા પ્રસંગોમાંથી પસાર થતાં અમને એમ જ લાગ્યા કરે છે કે શાસ્ત્રીજી જેવા સદ્‌ગુરુ ન મળ્યા હોત અને તેમના શુભાશિષ ના મળ્યા હોત તો શું નું શું થઈ જાત? મારી હસ્તિ પણ ન રહી હોત.

એક વખત એવું બન્યું કે ગુરુદેવનાં દર્શન કર્યાંને ઘણો સમય પસાર થઈ ગયો હોવાથી તેમનાં દર્શન કરવાની ખૂબ જ તાલાવેલી લાગેલી. પણ કેટલાક કારણોસર તેમને મળી ન શકવાથી વ્યાકુળ થઈને બેસી રહેલો. મારી પત્નીએ મારી ઉદાસીનું કારણ પૂછતાં મેં કહ્યું કે અમદાવાદ જઈ ગુરુદેવને મળવાનું મન થયું છે... તે દિવસે મને મોડે સુધી ઊંઘ પણ ન આવી. જેમ તેમ કરી ઊંઘી ગયો. રાત્રે સ્વપ્નમાં ગુરુદેવનાં દર્શન થયાં. સૌ પ્રથમ મોગરાની સુગંધથી હું તરબતર થઈ ગયો. એ સુગંધ જેટલી લેવાય તેટલી નસકોરાંથી ખેંચીને લીધી. તે વખતે પણ ગુરુદેવનાં દર્શન થયાં અને હું ધન્ય બની ગયો. મારા આત્માને ખૂબ જ આનન્દ થયો.

□

# પગની પીડા મટી ગઈ!

વિજ્ઞાન અને તેનાં સંશોધનો આગળ વધી રહ્યાં છે. માનવીના શારીરિક અનેક દર્દોના નિદાન અને ઉપચાર માટે અનેકવિધ ટેકનિકો અને નિષ્ણાત તબીબો પદવી પામીને જાહેરમાં આવે છે. એવા નિષ્ણાત તબીબો સાચું નિદાન કરે છે અને ઉપચાર પણ દર્શાવે છે, તેમ છતાં ઈષ્ટ આરાધ્ય પરમતત્ત્વની–વેદજનનીની અનન્ત ને અસીમ શક્તિના આશ્રય હેઠળ માનવીના શરીરનું તબીબના સંશોધનમાં–તપાસમાં નિદાન પામેલું દર્દ એક્સ–રેના મશીન પર ગાયબ થયેલું સાબિત થાય ત્યારે વિજ્ઞાનની મર્યાદિતતા અને પરમતત્ત્વની–વેદજનનીની અમર્યાદિત–અસાધારણ શક્તિનું આપણને ભાન થાય છે. આપણામાં શ્રદ્ધા અને વિશ્વાસ જાગે છે. એ શ્રદ્ધા અને વિશ્વાસથી આપણે આપણા આરાધ્યને પ્રાર્થના કરીએ છીએ, આરાધીએ છીએ અને વેદનાવિહીન બની જઈએ છીએ.

બોરસદથી વિમળાબેન વ્યાસ પોતાનો એક અનુભવ વર્ણવતાં લખી જણાવે છે કે, "મા ગાયત્રીની કૃપા અને ગુરુદેવના આશીર્વાદ મને જીવનમાં મળતા જ રહ્યા છે. કોઈ પણ સંકટ કે વિકટ પરિસ્થિતિમાં આ ઈશ્વરીય શક્તિ ગૂઢ રૂપે મદદ કરે છે. પણ તેને ઓળખવા માટે માણસમાં જોઈએ છે સમર્પણભાવ, શ્રદ્ધા અને વિશ્વાસ.

એકવાર મને જમણા પગે થોડી બળતરા જેવું લાગ્યું પણ સમય જતાં તો પગ સૂઝી ગયો. વેદનાનો પાર નહોતો. દવાખાને જઈ દવા લાવ્યા. આરામ ન થતાં ભૂવા–ભાથીજીને બતાવ્યું પણ કશો જ ફેર ન જણાતાં મિશન હોસ્પિટલ, બોરસદમાં દાખલ થવું પડ્યું. ડૉક્ટરે સલાહ આપી કે પગનો કહોવાટ હાડકાં સુધી પહોંચી ગયો છે. તેથી ઓપરેશન કરવું પડશે. બીજે જ દિવસે ઓપરેશન કરવામાં આવ્યું. હું ગુરુદેવને ને માતાજીને મનોમન યાદ કરતી હતી કે મા ગાયત્રી, ગુરુદેવ, તમે મને મદદ કરજો. તેમની કૃપાથી ઓપરેશન સફળ થયું. હાડકું સડવાની શંકા મટી ગઈ. તેર દિવસ પછી રજા લઈ ઘેર આવી પણ પગની છેલ્લી આંગળીએ ઓપરેશન કર્યું હતું ત્યાં ખૂબ જ સળવળાટ ને સણકા મારતા હતા. ડૉ. ને ફરી બતાવ્યું તો સલાહ આપી કે હાડકામાં સડો પેઠો હોય તો જ આવું બને. માટે એક્સ–રે લેવડાવવો પડશે. અમે આણંદ એક્સ–રે લેવડાવવા ગયાં. મનમાં ખૂબ શંકાકુશંકા હતી. જો આંગળીના હાડકામાં સડો થયો હશે તો આંગળી કપાવવી પડશે. મારી સહનશીલતાનો અંત આવી ગયો હતો. હું ખૂબ જ ભાવપૂર્વક માતા ગાયત્રીને પ્રાર્થી રહી હતી કે હે મા, હે ગુરુદેવ, મારી વહારે ધાજો. ફોટામાં સવારે શું આવશે તેની ચિંતામાં તો રાત્રે ઊંઘી પણ નહોતી પણ જાણે માએ મારી પ્રાર્થના સાંભળી હોય, ગુરુદેવે મને મદદ કરી હોય તેમ લાગ્યું કે એક્સ–રેમાં હાડકામાં કોઈ જ તકલીફ નથી. આમ માની પૂર્ણ શરણાગતિથી ને ગુરુદેવના આશીર્વાદથી મારા પગની પીડા મટી ગઈ.

'શ્રદ્ધા અને વિશ્વાસની જ્યોત જલતી રાખવા ગુરુદેવને મારી પ્રાર્થના છે.'

□

# જન્મદિવસની ઝલક

૫ મી સપ્ટેમ્બર, ૧૯૮૬ના રોજ દર વર્ષની માફક પૂ. ગુરુદેવનો જન્મદિવસ (વર્ષગાંઠ) ઉજવાયો. પૂ. મા ગાયત્રી દર વર્ષે વર્ષગાંઠની મુબારકબાદી આપવા, આશિર્વાદ આપવા તે અરસામાં મધ્યરાત્રીએ પ્રગટ થાય છે. અને પોતાના બાળક પૂ. શાસ્ત્રીજીને ખૂબ જ વહાલ આપે છે; વાર્તાલાપ કરે છે. આ વખતે આશરે દસેક મિનિટનો સમય આ રીતે વ્યતીત થયો. આપણે સૌ વિદીત છીએ કે આ વખતે માતાજી ખૂબ જ આગળ વધી ગયાં – પૂ. ગુરુદેવને ખૂબ જ નવાજ્યા, સ્નેહની ડોલો ભરી ભરીને ગુરુદેવને નવડાવ્યા, વાતચીતમાં 'નરેન્દ્ર – નરેન્દ્ર' કહીને અને વાતચીતના પ્રવાહમાં આગળ વધતાં 'શાસ્ત્રીજી' કહીને જગદીશ–સર્વેશ્વરે 'શાસ્ત્રીજી'ના નામની સત્તાવાર મહોર મારી દીધી. આ અલબેલા પ્રસંગની તાસીરની કેટલીક અન્ય ઝલક નીચેની પંક્તિઓમાં વહેતી મુકવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે :

ગમ્યું તને ! ઘણું બધું પરબ્રહ્મ એવું,
કે હાસ્ય એ મીઠું મીઠું હતું મુક્ત કેવું !
મળ્યા હળીમળી ખભા, અદ્વૈત એવું
મધરાતનું મિલન મા ! મળ્યું–માણ્યું કેવું ॥ ૧ ॥

ખોલી શું ભેદ, કહ્યું કર્યું એવું એવું !
તેથી 'નરેન્દ્ર' કહી વ્હાલ કર્યું"તું એવું
શું ઉરથી ઉર મળ્યું ! વળી નૂર કેવું !
મધરાતનું મિલન મા ! મળ્યું–માણ્યું કેવું ! ॥ ૨ ॥

'શાસ્ત્રીજી' નામ દઈ પછી કર્યું" હાસ્ય કેવું !
વાતે વળી વળી દીધું સન્માન કેવું !
ના ના કહી કરગર્યો બહુ બાળ તો ય,
મધરાતનું મિલન મા ! મળ્યું–માણ્યું કેવું ! ॥ ૩ ॥

ના છે ગતિમતિ કંઈ સમજાય તેવું,
કાવ્યે કથન કરી જઉં બસ થાય એવું,
ને, જો ને સતીશ શરણે સરી જાય કેવું !
મધરાતનું મિલન મા ! મળ્યું–માણ્યું કેવું ! ॥ ૪ ॥

ખુલ્યું ખટાક ખખડી ત્રણવાર કેવું !
લીધી વિદાય હસીને મુકી બાળ એવું,
વીણું વતી તમ અગર એ હાસ્ય તેવું,
મધરાતનું મિલન મા ! મળ્યું–માણ્યું કેવું ! ॥ ૫ ॥

જીરવી જઉં, અગર હે કંઈ દાન જેવું,
લાગે ત્રિવિધ તપતાં વરદાન જેવું,
પદેપદે હે ત્રિપદા ! પણ પુછું એવું,
મધરાતનું મિલન મા ! મળ્યું–માણ્યું કેવું ! ॥ ૬ ॥ □

# ઉપાસનાના આધારથી જીવનની નિરાધારતા ટળી

જીવનનો પ્રવાહ એક સરળ દિશામાં ગતિ કરતો હોય ત્યારે તે પ્રવાહમાં ઉદ્ભવતાં નાનાં-મોટાં અનેક મોજાંઓ પ્રવાહને ગતિ અર્પે છે અને એ મોજાંઓની છાલકો અસ્તિત્વને એક પ્રકારના મધુર આહ્લાદથી ભરી દે છે.

જીવનના એ પ્રવાહમાં માતાજીની-પરમતત્ત્વની શ્રદ્ધાપૂર્વકની શરણાગતિ ઉદ્ભવે છે ત્યારે જીવનના એ સરળ પ્રવાહનો આનંદ અને અનુભૂતિ કંઈક ઓર જ હોય છે.

અત્રે પ્રસ્તુત કરેલો પ્રસંગ જીવનના એક આવા જ સરળ પ્રવાહની ગતિ દર્શાવે છે.

યુ. એસ. એ.થી ભગવત ડી. ઠક્કર લખી જણાવે છે કે 'મારા એક મિત્ર પાસેથી ગાયત્રી માતાની વાતો તથા 'સંદેશ'માં તે વખતે આવતા ગુરુદેવના લેખો વાંચી મા ગાયત્રીની લગની લાગી. કારણ નાનપણમાં જ મારાં માતુશ્રીનું અવસાન થયેલું. અમે ત્રણ ભાઈ-બહેનોને મા-બાપ કરતાં અધિક પ્રેમ તથા આશરો આપી અમોને અમારા મામા-મામીએ મોટા કર્યા. અમારી બધી જ તકલીફો મા ગાયત્રી ક્ષણે ક્ષણે દૂર કરતા. અને હજુ પણ કરે છે. ત્યાર બાદ મને અમેરિકા જવાની લગની લાગી. મેં ગાયત્રી ઉપાસના ચાલુ કરી. મેં મનમાં નક્કી કર્યું કે ગાયત્રી માતાના અમુક લાખ જપ કરીશ. હજુ તો એકાદ લાખ ગાયત્રી માતાના મંત્ર કર્યા હશે અને મારી ગાયત્રી માડીએ મારા ઉપર કૃપા કરી. જિંદગીમાં અમેરિકા તો શું, પણ મુંબઈ સુધી પણ જવાની મારામાં તાકાત નહીં. માડીએ મારું નસીબ સુધારી દીધું. પળે પળે ગાયત્રી માતાને યાદ કરું. યાદ કરતાંની સાથે જ મારું કામ થઈ જાય. પળે પળે જ્યાં જાઉં ત્યાં જપ કર્યા કરતો. હજુ પણ માતાજીની કૃપાથી આ કાર્યક્રમ ચાલુ જ છે. અમેરિકાથી લગ્ન માટે આવેલી એક છોકરી સાથે મારું લગ્ન નક્કી થયું. તેના માતાપિતા પણ અવસાન પામેલાં. મા ગાયત્રીએ બે મા વગરનાં છોકરા-છોકરીનો મેળાપ કરી દીધો. માની દયાથી જોબ (નોકરી) પણ મળી ગઈ. અને મેડીકલ ટેકનોલોજીસ્ટની ડીગ્રી માટે એપ્રુવલ પણ મળી ગયું. મને વિશ્વાસ છે કે માતાજી મને પાસ કરી દેશે. માતાજીની કૃપાના પ્રસાદનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી.'.

ભૌતિક જીવનમાં જ્યારે બધી રીતે નિરાધારતા લાગે તેવે સમયે જ્યારે વ્યક્તિ પોતાના કોઈ પણ ઈષ્ટની-માતાજીની ઉપાસના આદરે છે, તેની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારે છે ત્યારે શરણાગતનું માતાજી સર્વ રીતે રક્ષણ કરે છે, સહાય કરે છે, માતાજીની શક્તિની જે સહાય પ્રાપ્ત થાય છે એના દ્વારા વ્યક્તિ જીવનમાં અનેક કાર્યો સિદ્ધ કરી શકે છે, સફળતા મેળવી શકે છે.

આપણે 'ત્વમેવ માતા ચ પિતા...'ની પ્રાર્થના કરીએ છીએ ત્યારે માતાજી સર્વસ્વ બનીને સ્વયં આપણી પડખે આવી ઊભાં રહે છે. માતા-પિતા, ભાઈ-બહેન મિત્ર, સ્વજન, ધન, વિદ્યા બધું જ પોતે-માતાજી બની જાય છે ને તે તે સ્વરૂપે વ્યક્તિના-ઉપાસકના જીવનમાં આવિર્ભાવ પામે છે.

□



Scanned by CamScanner

# સમાચાર

(૧) તા. ૩-૧૧-'૮૬ સોમવાર, નૂતન વર્ષના આપ સર્વેને અભિનંદન અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ.

(૨) તા. ૬-૧૧-'૮૬ ગુરુવાર, લાભ પાંચમ, સુરતમાં તા. ૭-૧૧-'૮૬ થી તા. ૮-૧૧-'૮૬ પૂજ્યશ્રીનો વ્યક્તિગત મુલાકાત અને જીવનજળનો કાર્યયજ્ઞ.

સ્થળ : એ/૬, ત્રિકમનગર સોસાયટી, દર્પણ ટોકીઝ સામે, વરાછારોડ, સુરત.

સમય : બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી.

(૩) તા. ૧-૧૧-'૮૬થી તા. ૧૬-૧૧-'૮૬ સુધી પૂજ્યશ્રી 'નિલોષા' પર મળી શકશે નહિ.

તા. ૧૭-૧૧-'૮૬થી પૂજ્યશ્રી 'નિલોષા' પર રાબેતા મુજબ મળશે.

(૪) ૧૯૮૭ના વર્ષના 'આધ્યાત્મિક કેડી' માટે આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો. એકી સાથે પાંચ વર્ષનું સામટું લવાજમ પણ સ્વીકારવામાં આવે છે.

શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષની અભ્યર્થના

**શ્રી અંબિકા સોપ ફેક્ટરી એન્ડ ટી ડીપો**

૪/૧૩૩, હરીપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત-૩

—: શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ :—

પી/૭૬૨, નવી જી. આઈ. ડી. સી., કતારગામ, ફૂલપાડા રોડ, સુરત-૬

મા ગાયત્રી અને પૂજ્ય શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર વરસતા રહો.

**શ્રી જય અંબે સોપ એન્ડ ટી રીટેઇલ સોપ**

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત-૩

**શ્રી અંબિકા ટેક્ષટાઈલ્સ**

P/૭૬૨, નવી જી. આઈ. ડી. સી., કતારગામ, ફૂલપાડા રોડ, સુરત-૬



Scanned by CamScanner



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner